સુવિચાર
સાચા શિક્ષણનું પૂર્ણ ધ્યેય એ છે કે તે ફક્ત સત્ય બતાવે જ નહીં પણ તેનો અમલ પણ કરાવે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૩/૧૨/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com
સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY
R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

શીયાળાની કડકડતી ઠંડીમાં સ્વાદ અને સ્વાસ્થ્ય વર્ધક શુદ્ધ ઘી માં...
હરિૐ PENDAWALA
અડદીયા
ગુંદરપાક
મેથીલાડું
હરિૐ પેંડાવાળા
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ માગશર સુદ-૨ વર્ષ : ૧૫ અંક : ૨૯૪




## અમરેલીનાં યુવા ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાનાં

# “કર્તવ્યમ” કાર્યાલય ખાતે E-KYC અને આયુષ્યમાન કાર્ડનાં કેમ્પ યોજાયા

**ર દિવસમાં ૧૨૦૦થી વધુ નાગરિકોને વિના વિઘ્ને સેવાકાર્યનો લાભ મળ્યો**

**આગામી દિવસોમાં શહેરનાં દરેક વોર્ડ અને વિધાનસભાનાં તમામ ગામોમાં કેમ્પ યોજાશે**

**લાભાર્થીઓને સરકારની યોજનાઓ વિશે માહિતગાર કરવા પુસ્તકો ભેટ અર્પણ કરાયા**

**સાંસદ ભરત સુતરીયા, ધારાસભ્ય મહેશ કસવાલા, ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધરજીયા ઉપસ્થિત રહ્યાં**



અમરેલી, તા. ૨
અમરેલી વિધાનસભાનાં ધારાસભ્ય જેનાહૈયે હંમેશા નાગરિકોનું હિતવસેલું છે તેવા વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા ધ્વારા ઘરઆંગણે ઈ–કેવાયસી અને વડીલો માટેના આયુષ્યમાન વયવંદના કાર્ડના

અનુસંધાન પાના ૬ ઉપર

**સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતાં સરકારી વકીલ જે. બી. રાજગોરની દલીલો સફળ રહી**

# અમરેલીનાં રાંઢીયા ગામે મનની મેલી મુરાદ સાથે પુત્રવધુની હત્યા કરનાર સસરાને આજીવન કેદની સજા

**આરોપીને રૂપિયા ૫ લાખનો દંડ અને દંડ ન ભરે તો એક વર્ષની સાદી સજાનો હુકમ**

અમરેલી, તા. ૨
અમરેલી તાલુકાના રાંઢીયા ગામે રહેતી એક પરિણીતા એક વર્ષ પહેલાં પોતાના ઘરે એકલી હાજર હતી ત્યારે તેણીના સસરાએ પરિણીતા ઘરે એકલી હોવાનો ફાયદો ઉઠાવી તેની સાથે ગંદુ કામ કરવાની કોશીશ કરેલ હોય, અને પરિણીતાએ તેનો વિરોધ કરેલ જેથી

અનુસંધાન પાના ૬ ઉપર

**જિલ્લા પંચાયતનાં સદસ્ય સહિતનાં પાંચ વ્યકિતએ ધમકી આપતા**

# ખોડિયાણા ગામનાં વ્યકિતએ કોર્ટમાં ઝેર પી લેતા સારવાર દરમિયાન મોત

**પરિવારજનોએ મૃતદેહ સ્વીકારવાનો નનૈંયો ભણ્યો**

અમરેલી, તા. ૨
સાવરકુંડલા તાલુકાના ખોડીયાણા ગામે રહેતા મનસુખભાઈ નાનુભાઈ વાઘમશીએ ગત તા. ૩૦/૧૧ના રોજ સવારે ૧૧:૧૦ વાગ્યે સેશન્સ કોર્ટ

અનુસંધાન પાના ૬ ઉપર

હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર તેમજ ૧૨ પાસ
પગાર ધોરણ :
૭,૫૦૦/- થી ૮,૫૦૦/-
નર્સિંગ સ્ટાફ (લેડીઝ)
(નાઈટ માટે) પગાર ધોરણ :
૯,૫૦૦/- થી ૧૨,૦૦૦/-
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.






## એચએસસી સુધી અભ્યાસ કરનાર જીજ્ઞેશભાઈ માથુકિયાની મહેનત ફળી

# સાવરકુંડલાની ડુંગળીનાં વાવેતરની ઓરણી વિદેશ સુધી પહોંચી


એક સમયે વજનકાંટાનું હબ ગણાતું શહેર ડુંગળીની ઓરણી બનાવવામાં અગ્રેસર બની રહ્યું છે

આફ્રિકા બાદ આગામી દિવસોમાં નેપાળમાં પણ નિકાસ કરવાની તૈયારી

અગાઉ પણ માથુકિયા પરિવારનાં મોભીને ટ્રેક્ટર માટે એવોર્ડ એનાયત થયેલ

દેશનાં વિદેશી ભંડારમાં ફૂલ નહી તો ફૂલની પાંખડી સ્વરૂપે રકમ જમા થઈ રહી છે






સાવરકુંડલા, તા. ૨

સાવરકુંડલા વજન કાંટા માટે દેશભરમાં પ્રચલિત છે ત્યારે કાંટા સાથે ખેત ઓજારોનું હબ ગણાતા સાવરકુંડલામાં માથુકિયા જીગ્નેશભાઈ કે જે પોતે ૧૨ ધોરણ સુધી અભ્યાસ કર્યો છે અને પોતે વિસાવદરના વતની છે અને સાવરકુંડલા શહેરમાં ખેડૂતોના ઓજાર બનાવવાનું કામ કરે છે. સાવરકુંડલા શહેરથી વિદેશમાં પણ આ ખેત ઓજારોની નિકાસ પોતે કરે છે. પોતાના પિતાએ ૧૯૭૦ માં સૌ પ્રથમવાર મગફળીની ઓરણી બનાવી હતી અને ત્યારબાદ પોતાના પિતા સાથે આ વ્યવસાયમાં સંકળાયેલા હતા. પોતે ધોરણ ૧૨ સુધી અભ્યાસ કર્યા બાદ પિતાની સાથે ખેત ઓજાર બનાવવાની શરૂઆત કરી હતી અને ૧૯૯૯ માં ભીમજીભાઈ માથુકિયાને ટ્રેક્ટર બનાવવા માટે એવોર્ડ આપવામાં આવ્યો હતો અને ત્યારબાદ ૨૦૦૩માં પણ શ્રેષ્ઠ ખેડૂત પ્રગતિશીલ ખેડૂત અને ઓજાર માટે રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ આપવામાં આવ્યો હતો. ડુંગળી વાવેતરમાં વપરાતી ઓરણી ખેડૂતોનો મહત્વનું ઓજાર ગણાઈ છે ને એ ઓરણી સાવરકુંડલામાં તૈયાર થાય છે. આમ તો અમરેલીના સાવરકુંડલા શહેરમાં લોખંડ ક્ષેત્રે ખૂબ જ આગળ પડતો ઉદ્યોગ છે અને સૌથી વધારે કાંટા ઉદ્યોગ ક્ષેત્રે વિભરમાં સાવરકુંડલાનું નામ છે. સાવરકુંડલામાંથી હવે ખેતીમાં ઉપયોગમાં લેવાતા સાધનો, યંત્રો પણ સાવરકુંડલામાં બને છે અને સાવરકુંડલાથી આફ્રિકા અને તાનજાનિયા જેવા દેશોમાં નિકાસ કરવામાં આવે છે.

જીગ્નેશભાઈએ વધુમાં જણાવ્યું કે, પોતાના પિતા સાથે ૨૦૦૩થી સર્વ પ્રથમ બળદ દ્વારા ઓટોમેટીક ઓરણી બનાવવામાં આવી હતી અને ત્યારબાદ ટ્રેક્ટરથી ચાલતી ઓટોમેટીક ઓરણી તૈયાર કરવામાં આવી હતી અને ૨૦૧૫થી ૨૦૧૭ના વર્ષ દરમિયાન સૌ પ્રથમ ડુંગળીના વાવેતર માટે ઓટોમેટીક ટ્રેક્ટર દ્વારા ચાલતી ઓરણી તૈયાર કરવામાં આવી હતી અને ત્યારબાદ ૨૦૨૨માં ડુંગળીના રોપના વાવેતર માટેની ઓટોમેટિક ઓરણી તૈયાર કરવામાં આવી હતી. ખેડૂતો દ્વારા સૂચન કરવામાં આવે જે મુજબ પોતાના દ્વારા ઓટોમેટીક ઓરણી તૈયાર કરવામાં આવે છે અને સમગ્ર ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન તેમજ ભારત દેશની બહાર આફ્રિકા અને તાંજાનિયામાં આ ઓટોમેટીક ઓરણીનો નિકાસ કરવામાં આવે છે ને પ્રથમવાર ૨૦૨૨ માં પ્રથમ વાર આફ્રિકામાં ડુંગળીના વાવેતર માટે ઓરણી મોકલવામાં આવી હતી. દસ દિવસનો સમય વાવેતરમાં થતો હતો જે ઓટોમેટીક ઓરણી આવ્યા બાદ ૧૦ કલાકમાં વાવેતર થાય છે અને આફ્રિકામાં આ ઓરણી દ્વારા વાવેતર કરવામાં આવ્યું હતું. જેથી ખેડૂતોને સફળતા મળી હતી અને ઉગાવો સારો રહ્યો હતો અને ઉત્પાદન પણ સારૂ મળતા આફ્રિકાના ખેડૂતો દ્વારા જીગ્નેશ ભાઈને અન્ય ૪૦ ઓરણી બનાવવા માટેનો ઓર્ડર આપવામાં આવ્યો હતો અને પોતાના દ્વારા ચાલીસ ઓરણી આફ્રિકામાં તૈયાર કર્યા બાદ મોકલવામાં આવી હતી. આફ્રિકામાં મોકલવામાં આવેલી ઓરણીય વિસ્તારની અંદર રહેતા ખેડૂતોએ જોઈ હતી અને ત્યારબાદ જીગ્નેશભાઈનો સંપર્ક કરી અને તાંજલીયાના ખેડૂતો દ્વારા ૩૦ ઓરણીનો ઓર્ડર આપવામાં આવ્યો હતો અને ખેડૂતોને આ ઓટોમેટીક ઓરણી સપ્લાય કરવામાં આવી હતી.

આગામી સમયમાં નેપાળમાં પણ આ ઓરણી મોકલવાની હાલ તો વાતચિત ચાલી રહી છે. પોતાની પાસે ૭,૫૦૦ થી લઈને રૂપિયા ૨ લાખ ૨૦ હજાર સુધીની અલગ અલગ પ્રકારની ઓરણી તૈયાર કરવામાં આવે છે અને જેનું વેચાણ કરવામાં આવે છે. સાથે જીગ્નેશભાઈએ વધુમાં જણાવ્યું કે, ખેડૂતો દ્વારા કોઈપણ પ્રકારની ઓરણીની રિકવાયરમેન્ટ અથવા સલાહ સૂચન આપી અને બનાવવામાં પણ આવે છે. ખેડૂતોને જે યોગ્ય અને સારી રીતે સહેલાઈથી ઉપયોગ કરવો હોય જેથી ખેડૂતો પોતાની પાસે આવે છે અને જે જણાવ્યા મુજબ પોતાના દ્વારા ઓરણી તૈયાર કરવામાં આવે છે. જયારે સાવરકુંડલામાં ૧,૫૦,૦૦૦ માં તૈયાર થયેલી ઓરણી આફ્રિકામાં પહોંચતા આ ખર્ચ અંદાજિત ૫૦થી ૭૦ હજાર રૂપિયા થાય છે જે ઓરણી ઉપર નક્કી થતો હોય છે અને ત્યારબાદ બે લાખ અને ૨૫,૦૦૦ માં ઓરણી આફ્રિકામાં ખેડૂતને મળે છે. તાનજાનીયા માં ખેડૂતે સાવરકુંડલામાં તૈયાર થયેલી ઓરણી તાંઝાનિયામાં પહોંચતા બે લાખ રૂપિયા થાય છે. મોટાભાગના ખેડૂતો ખરીદી કરવા આવે છે અને લઈ જાય છે જયારે આફ્રિકામાં અન્ય ડીલરો પણ આ ઓરણીની ખરીદી કરે છે અને આફ્રિકામાં ચાર લાખ રૂપિયામાં વેચાણ કરે છે.

---

### બીમારી સબબ હોસ્પિટલ ખસેડાયા બાદ

## અમરેલીની જિલ્લા જેલમાં રહેલ કાચા કામનાં કેદીનું સારવાર દરમિયાન મોત

### શરદી, ઉધરસની બીમારીથી મોત થયું

અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લા જેલમાં રહેલ એક મોબાઈલ ચોરીના આરોપી અને કાચા કામના એક કેદીને બે દિવસથી શરદી, ઉધરસની બીમારી હોય અને તેમની તબીયત અચાનક લથડતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જયાં સારવાર દરમિયાન તેનુ મોત નિપજયું હતુ. પરિવારે ફોરેન્સિક પોસ્ટમોર્ટમની માંગણી કરતાં તેમના મૃતદેહને ભાવનગર ખસેડાયેલ હતો.

આ બનાવની વિગતમાં અમરેલી જિલ્લા જેલમાં રહેલ એક મોબાઈલ ચોરીના આરોપી અને કાચા કામના એક કેદી ગોંડલ ગામે રહેતા



મહિપતભાઈ ઘુડાભાઈ ઉર્ફે ઘુળાભાઈ સોલંકી નામનો યુવક કાચા કામના કેદી તરીકે હાલમાં અમરેલી જેલમાં હતો. આ કેદીને છેલ્લા બે દિવસથી શરદી, ઉધરસની બીમારી થઈ જતાં તે અંગેની તેમની સારવાર શરૂ હતી. ત્યારે ગત તા. ૩૦ના રોજ એમની તબીયત અચાનક બગડતા તેને પ્રથમ જેલના મેડિકલ ઓફિસરે તપાસ કરી વધુ સારવાર માટે જેલની એમ્બ્યુલન્સ મારફત અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અહી તેને ટ્રોમા સેન્ટરમાં દાખલ કરાયો હતો જયાં તેનુ સારવાર દરમિયાન મોત નિપજયું હતુ. બનાવ અંગે જેલના હવાલદાર વિપુલભાઈ મફતભાઈ પ્રજાપતિએ અમરેલી સીટી પોલીસ મથકમાં જાણ કરી હતી. બાદમાં મૃતકના પરિવારે ફોરેન્સિક પોસ્ટમોર્ટમની માંગણી કરતાં તેમના મતદેહને ભાવનગર ખસેડાયેલ હતો.

---

### હંમેશા વહીવટી તંત્ર રાજકીય આગેવાનો, મુડીપતિઓ અને મળતીયાઓની કરે છે ચાપલુસી

## લ્યો બોલો : બગસરામાં મોટામાથાઓને છોડી દઈને ગરીબ વ્યક્તિઓને દબાણ હટાવવાની નોટિસ પાઠવાઈ

### પાલિકાના શાસકોને વિકાસના નામે કટકી મેળવવામાં વધારે રસ જોવા મળે



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૨

બગસરામાં જેતપુર રોડ પર બાયપાસ ચોકડી વિસ્તાર થી માણેકવાડા સુધીમાં થયેલ દબાણો દૂર કરવા માટે તંત્ર દ્વારા તાબડતોબ નોટિસો ફટકારવામાં આવી હતી પરંતુ નોટિસનો સમયગાળો પૂરો થઈ ગયો હોવા છતાં કોઈ કાર્યવાહી થતી નથી.

બગસરાના જેતપુર રોડ પર આવેલ બાયપાસ ચોકડી વિસ્તારમાં છેલ્લા ૫૦ વર્ષથી સરકારી બાબુની મીઠી નજર હેઠળ જમીન માફિયા પોતાનો ધંધો કરતા હોય જેમાં બગસરા બાયપાસ ચોકડી થી માણેકવાડા સુધી જમીન ગેરકાયદેસર દબાણો કરી બેઠેલ અમુક લોકોને નોટિસ આપવામાં આવેલ નથી જે દબાણ કરીને બેઠા છે નાના નાના કેબિન ધારકો ને માત્ર હેરાન કરવામાં આવે છે તો આવા આઝાદી વખતથી જમીન પચાવી પાડેલ દબાવી ને બેઠેલ જમીન માફિયાઓને કયારે નોટિસ આપવામાં આવશે બગસરા થી બાયપાસ થી લઈને માણેકવાડા સુધી સરકારી ધારા ધોરણ મુજબ માપવી જરૂરી છે દૂધે દૂધની અને પાણીનું પાણી થઈ જાય અને નાના માણસો ને જ માત્ર હેરાન કરવામાં આવે છે જેથી દબાણો કરવામાં આવેલ હતા તેમજ રાત્રિના સમયે આ વિસ્તારમાં અસામાજિક પ્રવૃત્તિ પણ વધી રહી હતી. ગેરકાયદેસર દબાણોને દૂર કરવા માટે ૧૧ નવેમ્બરના રોજ નાયબ કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિભાગ ધારી દ્વારા સાત દિવસમાં દબાણ દૂર કરવા માટે નોટિસ આપવામાં આવેલ હતી.

પરંતુ નવેમ્બરમાં પૂર્ણ થઈ ગયા હોવા છતાં તંત્ર દ્વારા કોઈ પગલાં લેવામાં ન આવતા આ દબાણ હટાવવાની કામગીરી પૂર્ણ કરવામાં તંત્રની ઢીલી નીતિ દેખાઈ આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે જેતપુર બાયપાસ રોડ પર નગરપાલિકા દ્વારા ૨૦૦૮-૦૯ માં ઠરાવ કરી આ જગ્યા હેલીપેડ માટે ફાળવેલી હતી. સરકાર દ્વારા હેલીપેડ માટે નિયત થયેલી સ્થળ પર દબાણ હોવા છતાં પાલિકા દ્વારા પણ કોઈ પગલાં લેવામાં આવતા ન હોવાથી લોકો પણ આશ્ચર્યમાં મુકાયા છે. તંત્રની ઢીલી નીતિને કારણે આ દબાણો કાયમી થઈ જશે તેવું લાગી રહ્યું છે.

---

### નાયબ દંડક કૌશિક વેકરિયા દ્વારા વિકાસની ભેટ

## અરે વાહ : અમરેલીનાં સરંભડા ગામે રૂપિયા ૧૨૬ લાખનાં ખર્ચે થનારા વિકાસ કાર્યોનું ભૂમિપૂજન

### ૯૦ લાખનાં ખર્ચે માર્ગ અને ૩૬ લાખનાં ખર્ચે આરોગ્ય કેન્દ્ર બનશે




અમરેલી, તા. ૨

અમરેલી વડિયા કુંકાવાવના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકીરયાએ અમરેલી મતવિસ્તારમાં સમાવિષ્ટ સરંભડા ગામે સી.સી.રોડ અંદાજિત રૂા. ૯૦ લાખ તેમજ અંદાજિત રૂ.૩૬ લાખના ખર્ચે નિર્માણ થનાર પેટા આરોગ્યકેન્દ્રનું ખાતમુર્હુત કર્યુ હતું.

આ પ્રસંગ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરતા તેઓએ જણાવ્યું હતું, રાજયના સમગ્ર ગામડાઓમાં શ્રેષ્ઠ સ્વાસ્થ્ય સુવિધાઓ ઊભી કરી, લોકોના આરોગ્ય કલ્યાણ અર્થે સરકાર નિરંતર કાર્યરત છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આત્મા ગમડાનો અને સુવિધા શહેરી વિચારબીજને રાજય સરકારના માધ્યમથી છેવાડાના વિસ્તાર સુધી પહોચાડવા માટે સતત પ્રયાસ કરવામાં આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારના રહેવાસીઓને પાયાની સુવિધાઓ ઘરઆંગણે મળી રહે તેના માટે અમે પ્રતિબધ્ધ છીએ.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સદસ્ય પ્રતિનિધિ શંભુભાઈ મહિડા, તાલુકા પંચાયત સદસ્ય સંધ્યાબેન રાજેશભાઈ કાછડીયા, ભાજપ અગ્રણી મગનભાઈ હરખાણી, સરપંચ વિનુભાઈ દુધાત સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

---

### અનૈતિક વેપાર (નિવારણ) અધિનિયમ મુજબ

## વડિયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુન્હાનાં મહિલા આરોપીની અટકાયત

### સમગ્ર બનાવની તપાસ સીપીઆઈ બાબરા ચલાવે છે

અમરેલી, તા. ૨

બગસરા ગામે નટવરનગર હનુમાનપરા રહેતા દર્પણભાઈ વિનોદભાઈ પાથરે આરોપીઓ દયાબેન કેશવભાઈ રાઠોડ, દિપકભાઈ, પ્રિતેશ ઉર્ફે પદીયો રસીકભાઈ આસોદરીયા, દકુ ઉર્ફે નયન રામજીભાઈ વેકરીયા તથા અનિલભાઈ વિનુભાઈ દેસાઈ તથા સોમાભાઈ હરપાલભાઈ આલાણી વિરૂધ્ધ ફરિયાદ કરેલ. જેમાં આરોપી દયાબેન કેશવભાઈ રાઠોડે ગરીબ વર્ગની છોકરીઓને પોતાના રહેણાંક મકાને રાખી અને જુદી જુદી જગ્યાના પુરૂષો સાથે દેહવ્યાપરનો ધંધો કરાવવા મોકલી અને તેમાંથી નાણાનો ફાયદો મેળવતા હોય અને આ દેહવ્યાપાર કરાવવામાં આ કામના આરોપી દિપકભાઈ જે સ્થળે ગ્રાહકને છોકરીની જરૂર હોય તે જગ્યાએ પહોંચાડવાનું કામ કરી દેહ વ્યાપરના



ધંધામાં મદદ કરતો હોય અને આરોપી પ્રિતેશ ઉર્ફે પદીયો રસીકભાઈ આસોદરીયા, દકુ ઉર્ફે નયન રામજીભાઈ વેકરીયા તથા અનિલભાઈ વિનુભાઈ દેસાઈ તથા સોમાભાઈ હરપાલભાઈ આલાણી દેહવ્યાપાર સારૂ આવેલ મહિલા સાથે શરીર સંબંધ બાંધી ગુન્હો કરેલ હોય. જેની તપાસ બાબરા સર્કલ પોલીસ ઈન્સ. એમ.એ. દેસાઈ ચલાવી રહેલ અને તપાસ દરમ્યાન મહિલા આરોપી દયાબેન કેશવભાઈ રાઠોડ રહે. અમરેલીની ધોરણસર અટક કરી તા. ૨૯ ના રોજ બગસરા કોર્ટમાં રજુ કરતા કોર્ટ દ્વારા આરોપીના દિન-૧ ના રીમાન્ડ આપવામાં આવેલ હતાં.

# માતૃ સંસ્થા લોહાણા પરિષદનાં તમામ ઝોનમાં સૌથી વધુ શ્રેષ્ઠ કામગીરી બદલ

# અમરેલી, ભાવનગર અને બોટાદનાં રઘુવંશી સમાજને મુંબઈ ખાતે એવોર્ડ એનાયત

ઝોન-૪માં સમાવિષ્ટ અમરેલી-ભાવનગર અને બોટાદ જિલ્લામાં રઘુવંશી સમાજે શ્રેષ્ઠ રીતે સમાજ ઉપયોગી કાર્ય કર્યા

અમરેલી જિલ્લામાં રઘુવંશી સમાજનાં અગ્રણીઓનું વિશેષ સન્માન કરાયું

જીતુભાઈ ગોળવાળા, પ્રકાશ કારીયા, મિતુલ ગણાત્રા સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા

લોહાણા મહાપરિષદનાં પ્રમુખ સતીષભાઈ વિઠ્ઠલાણીનાં વરદ્હસ્તે એવોર્ડ એનાયત



અમરેલી, તા. ૨

માતૃ સંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના આંતરરાષ્ટ્રીય કુલ ૧૫ જેટલા ઝોનમાંથી શ્રેષ્ઠ રઘુવંશી ઝોન એવોર્ડ–૨૦૨૪ માટે ઝોન–૪ ભાવનગર, અમરેલી, બોટાદની પસંદગી મહાપરિષદની એવોર્ડ કમિટી દ્વારા શ્રેષ્ઠ રઘુવંશી ઝોન એવોર્ડ–૨૦૨૪ માટે સિલેકટ કરવામાં આવેલ હોય. જેનો એવોર્ડ તા. ૩૦ નવેમ્બરના રોજ મુંબઈ ખાતે મહાપરિષદની કારોબારી અને મધ્યસ્થ મહાસમિતિની મિટિંગ ખાતે ઝોન–૪ ના હોદ્દેદારો અને ઉપસ્થિત વિવિધ ગામના મહાજન પ્રતિનિધિઓને એનાયત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મહાપરિષદના પ્રમુખ સતિષભાઈ વિઠ્ઠલાણી અને મહિલા પ્રમુખ રશ્મિબેન વિઠ્ઠલાણી, નીતિનભાઈ રાયચુરા અને દેવેન્દ્રભાઈ સોમૈયા સહિતના હોદ્દેદારોના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ઝોન–૪ ભાવનગર , અમરેલી, બોટાદ ઝોનલ પ્રમુખ સુમિત ઠક્કર, દિનેશભાઈ રૂપારેલીયા, અમરેલી મહાજન પ્રમુખ જે.પી. ગોળવાળા (જીતુભાઈ સોમૈયા), સતીષભાઈ આડતીયા, રમણિકભાઈ ગઢિયા અને પ્રફુલભાઈ બાટવીયા તથા સાવરકુંડલાથી પ્રતિનિધિ અષ્ટકાંતભાઈ સૂચક, ચલાલા મહાજનથી પ્રકાશભાઈ કારીયા, વડિયા મહાજનથી મિતુલભાઈ ગણાત્રા, બાબરાથી શૈલેશભાઈ સેદાણી, રિઝિયન પ્રમુખ નિલેશભાઈ મજીઠિયા તથા ભદ્રેશભાઈ ઠક્કર, કેતનભાઈ ખાંધેડિયા, વૈભવભાઈ ચંદારાણા, નિશાંતભાઈ ગઢિયા, જયમીનભાઈ ઠક્કર, નિલભાઈ મજીઠિયા વગેરે પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઝોન–૪ માં ૧૯ મહાજનો અને ૫૦,૦૦૦ થી વધારે લોહાણા રઘુવંશીઓ ધરાવતા ઝોનમાં અનેક પ્રવૃત્તિઓને વેગ આપવામાં આવેલ છે. જેમાં હાયર એજયુકેશનમાં છેલ્લા ૩ વર્ષ માં રૂા. ૨૫ લાખ કરતા વધુ રકમ ની સ્કોલરશીપ લોન પેટે તેમજ રૂા. ૫ લાખ જેવી સહાય પ્રાયમરી, હાયર સેકન્ડરી અને કોલેજના વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપવામાં આવી છે. આ ઉપરાંત આરોગ્ય સહાય પણ કરવામાં આવી છે. છેલ્લા પાંચ વર્ષથી જરૂરિયાતમંદ ૭૦ પરિવારમાં દર માસે રાશન કીટ તેમના સુધી મોકલી આપવામાં આવી રહી છે. ઝોનના વિધવા, ત્યકતા, અપંગ અને એકલા વૃદ્ધ જીવન જીવતા સહાય ૫૮ વ્યકિત/પરિવારને પ્રતિ માસ રૂા. ૭૫૦ ની સહાય સીધા તેના બેન્ક એકાઉન્ટમાં આપવા માં આવે છે. દાતા પરિવાર તરફથી દિવાળી મીઠાઈ કીટ ૫૦૦ કિલો લોકોને રાહતદરે તેમજ ૭૦ કીટ વિનામૂલ્યે આપવામાં આવે છે.

આયુષ્યમાંન ભારત કાર્ડના ૫ કેમ્પ ૪૦૦ થી વધુ કાર્ડ કાઢી આપવામાં આવેલ છે. આ ઉપરાંત મેડિકલ કેમ્પ, રકતદાન કેમ્પ, થેલેસિમિયા પરીક્ષણ કેમ્પ, કેરિયર કાઉન્સેલિંગ, જીકે ટેસ્ટ, સમર કેમ્પ અને સેલ્ફ ડિફેન્સ કેમ્પ, મહિલા સમિતિ ભાગવત સપ્તાહ અને ઓનલાઈન ગૃહ ઉદ્યોગ વર્કશોપ ઉદ્યોગો અને રઘુવંશી સાહસિકો અને ઉદ્યોગકારો માટે એલ.આઈ.બી.એફ. સાથે જોડાણ અને કાર્ય આયોજન, જ્ઞાતિની વાડીના પ્રશ્ને સતત પ્રયત્ન, ઝોનના દરેક મહાજનોમાં કુલ ૨૧,૦૦૦ ફુલસ્કેપ ચોપડાનું રાહતદરે વિતરણ, ૬૫૦૦ ચોપડા સર્વ જ્ઞાતિ અને દર્દીઓ માટે, વર્ષ દરમ્યાન અલગ અલગ માહિતી અને માર્ગદર્શન માટે ઓનલાઈન વર્કશોપ સહિતની અનેક પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી અને ઝોનમાં સંકલન કરીને નવી નવી સેવાઓનો પણ તેમાં સમાવેશ કરવામાં આવી રહ્યો છે. જેને ધ્યાનમાં રાખીને સન્માન આપવામાં આવ્યું હતું.

આ સેવામાં ખીમજી ભગવાનદાસ ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી લોહાણા મહાપરિષદનું સતત માર્ગદર્શન અને સહયોગ મળી રહ્યો છે જે બદલ સૌનો ઝોન–૪ દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.






















### ખેડૂતોની દિલ્હી કૂચ પર બ્રેક : તંત્ર સાથે બેઠક બાદ રસ્તા કર્યા ખાલી

# ખેડૂતો દિલ્હી કૂચ નહીં કરે, સડક ખાલી કરીને દલિત પ્રેરણા સ્થળ પર કરશે પ્રદર્શન

**ખેડૂત સંગઠનના પ્રતિનિધિએ કહ્યું કે આંદોલન હાલ મોકૂફ રખાયું છે, જો યુપી સરકાર સાથે વાતચીત નિષ્ફળ જશે તો દિલ્હી કૂચ અંગે આગળનો નિર્ણય કરાશે**

નવી દિલ્હી, તા. ૨

ઉત્તર પ્રદેશના નોઈડામાં ખેડૂતોના પ્રદર્શન અંગે એક મોટું અપડેટ સામે આવ્યું છે. નોઈડાના ખેડૂતોએ બપોરથી તેમની માંગણીઓને લઈને વિરોધ પ્રદર્શન શરૂ કર્યું હતું. ખેડૂતોના વિરોધની ઘોષણા બાદ સવારથી જ નોઈડાથી લઈને દિલ્હી સુધી સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત કરી દેવામાં આવી હતી. તો ખેડૂત આંદોલનને લઈને વહીવટી તંત્ર વિરોધીઓ સાથે સતત સંપર્કમાં હતું. આંદોલનકારી ખેડૂત સંગઠનના આગેવાનો સાથેની વાતચીતમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે, આંદોલન હાલ પુરતું મોકુફ રાખવામાં આવશે. ખેડૂતોના પ્રતિનિધિ મંડળ અને રાજ્ય સરકાર સાથે વાતચીત થશે. ત્યાર બાદ આગળનો નિર્ણય કરવામાં આવશે. એટલે વિરોધ કરી રહેલા ખેડૂતો હવે રસ્તો ખાલી કરવા માટે સંમત થયા છે. જેનાથી ટ્રાફિક જામની સમસ્યા ખત્મ થઈ જશે. ખેડૂતોના સંગઠન દ્વારા દિલ્હી કૂચ પર બ્રેક લગાવવાની માહિતી આપવામાં આવી છે. ખેડૂત સંગઠનના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, આંદોલન હાલ પૂરતું મોકૂફ રાખવામાં આવ્યું છે. જો યુપી સરકાર સાથે વાતચીત નિષ્ફળ જશે તો દિલ્હી કૂચ અંગે આગળનો નિર્ણય કરવામાં આવશે. ખેડૂત પ્રતિનિધિઓ હવે રાજ્ય સરકાર સાથે વાત કરશે. વિરોધ- પ્રદર્શન કરી રહેલા ખેડૂતોએ જણાવ્યું હતું કે, હાલ દલિત પ્રેરણા સ્થળ પર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. હકીકતમાં યુનાઈટેડ કિસાન મોરચાના બેનર હેઠળ ખેડૂતોએ ૬૪.૭ટકા વળતર ચૂકવવાની માંગ સાથે પ્રદર્શન કર્યું હતું. તેમણે કહ્યું કે, નવા જમીન સંપાદન કાયદા પ્રમાણે બજાર દર કરતાં ચાર ગણું વળતર હોવું જોઈએ. ખેડુતોની માંગણીઓ જોઈએ તો કિસાન મોરચાએ ૨૦ટકા પ્લોટ આપવાની માંગ કરી હતી. જમીનધારી અને જમીન વિહોણા ખેડૂતોના તમામ બાળકોને રોજગારી અને પુનર્વસનના તમામ લાભો આપવા અને ખેડૂત સંગઠન દ્વારા પ્રશાસન અને સત્તામંડળ સમક્ષ સતત આ મામલો ઉઠાવવામાં આવી રહ્યો છે.દલિત પ્રેરણા સ્થળ પર લગભગ ૪૫ હજાર ખેડૂતો એકઠા થયા હતા. વિવિધ ગામોના ખેડૂતો રસ્તા પર ઉતરી આવતાં શહેરમાં ચક્કાજામ જેવી પરિસ્થિતિ નિર્માણ પામી હતી. નોઈડાથી દિલ્હી સુધી આ પ્રદર્શનને લઈને ઉગ્ર આંદોલન થયું હતું. આશરે ૪૦૦૦ જેટલા પોલીસકર્મીઓને ઉતારવામાં આવ્યા હતા. જેના કારણે ખેડૂતોને આગળ વધતા રોકવામાં સફળતા મળી હતી. યુનાઈટેડ કિસાન મોરચાના આહ્વાન પર દિલ્હી તરફ કૂચ કરી રહેલા હજારો ખેડૂતો ત્રણેય સત્તાવાળાઓના ઉચ્ચ અધિકારીઓ સાથે વાત કર્યા બાદ આંદોલનને સ્થગિત કરવાની સંમતિ આપી હતી. નોઈડા, ગ્રેટર નોઈડા અને યમુના ઓથોરિટીના ઉચ્ચ અધિકારીઓએ યોગ્ય ખાતરી આપ્યા બાદ તેઓ પોતપોતાના વિરોધ સ્થળો પર પાછા ફર્યા. આ પછી રસ્તાઓ પર ટ્રાફિક હળવો થયો હતો.

### મહારાષ્ટ્રમાં CM પદની ચર્ચા વચ્ચે ભાજપનું પગલું

# વિજય રૂપાણી અને નિર્મલા સિતારમણને બનાવ્યા નિરીક્ષક

**મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રીના નામને મંજૂરી આપવા બીજેપી વિધાયક દળની બેઠકમાં નિરીક્ષક તરીકે હાજર રહેશે**

મુંબઈ, તા. ૨

મહારાષ્ટ્રમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયાને એક સપ્તાહથી વધુ સમય વીતી ગયો છે. જો કે, ભાજપ, શિવસેના અને એનસીપી વચ્ચેના મહાગઠબંધનમાં હજુ સુધી એ નક્કી નથી થયું કે રાજ્યમાં કયા નેતાને મુખ્યમંત્રી પદ આપવામાં આવશે. જો કે આ દરમિયાન ભારતીય જનતા પાર્ટીએ એક મોટું પગલું ભર્યું છે. પાર્ટીએ નિર્મલા સીતારમણ અને વિજય રૂપાણીને મહારાષ્ટ્ર માટે કેન્દ્રીય નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા છે.

મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રીના નામને મંજૂરી આપવા માટે બીજેપી વિધાયક દળની બેઠક થશે. આ બેઠકમાં નાણામંત્રી નિર્મલા સીતારમણ અને ભાજપના વરિષ્ઠ નેતા વિજય રૂપાણી નિરીક્ષક તરીકે હાજર રહેશે. માનવામાં આવે છે કે આ બેઠકમાં જ કોને મુખ્યમંત્રી બનાવવામાં આવશે તેની જાહેરાત કરવામાં આવશે. આ બેઠક માત્ર ભાજપના ધારાસભ્ય દળના નેતાની પસંદગી માટે યોજાવાની છે. બીજેપી સૂત્રોનું કહેવું છે કે ૪ ડિસેમ્બરે બીજેપી વિધાયક દળની બેઠક યોજાશે, જેમાં એક નેતાના નામની દરખાસ્ત કરવામાં આવશે અને ફરીથી તમામ ધારાસભ્યોની મંજૂરી લેવામાં આવશે. હાલમાં ચર્ચા છે કે દેવેન્દ્ર ફડણવીસના નામનો પ્રસ્તાવ ભાજપ હાઈકમાન્ડ દ્વારા કરવામાં આવશે, પરંતુ આ અંગે કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી. આ સિવાય આ મુદ્દે કોઈ ખુલીને બોલી રહ્યું નથી. અત્યાર સુધી મળેલી માહિતી મુજબ એકનાથ શિંદે આગ્રહ કરી રહ્યા છે કે જો તેમને સીએમ નહીં બનાવવામાં આવે તો તેમને ગૃહ મંત્રાલય જેવું શક્તિશાળી મંત્રાલય મળવું જોઈએ. શિવસેનાના નજીકના સૂત્રોનું કહેવું છે કે એકનાથ શિંદે લાંબા સમયથી ગૃહમંત્રી બનવા માંગતા હતા.

સમગ્ર મહારાષ્ટ્રની કાયદો અને વ્યવસ્થાની જવાબદારી સંભાળવાની તેમની ઈચ્છા રહી છે. મુખ્યમંત્રી પછી ગૃહમંત્રી કોઈપણ સરકારમાં સૌથી શક્તિશાળી વ્યક્તિ હોય છે.

એકનાથ શિંદે સીએમ હતા ત્યારે દેવેન્દ્ર ફડણવીસે આ જવાબદારી લીધી છે. હવે જો બીજેપી સીએમ બને છે તો એકનાથ શિંદે ઈચ્છે છે કે તેઓ ગૃહમંત્રી બને.

### બાંગ્લાદેશની સ્થિતિ જોઈ મમતા ભડક્યા

# વડાપ્રધાન મોદી બાંગ્લાદેશ સાથે વાત કરે : મમતા બેનરજી

**અમે બાંગ્લાદેશમાંથી અમારા લોકોને લેવા તૈયાર : મમતા**

નવી દિલ્હી, તા.૨

બાંગ્લાદેશની કફોડી હાલત જોઈ મમતા બેનરજીએ રોષ વ્યક્ત કરી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે બાંગ્લાદેશમાં યુએન પીસકીપિંગ ફોર્સ મોકલવાની માંગ કરી છે. શેખ હસીના વડાંપ્રધાન પદ છોડીને ભારત ભાગી આવ્યા બાદ વચગાળાની સરકાર ચલાવી રહેલા મોહમ્મદ યુનુસના રાજમાં ત્યાં હિન્દુઓની હાલત સતત કફોડી થઈ રહી છે. બાંગ્લાદેશમાં હિન્દુઓ અને મંદિરો પર સતત હુમલાઓ, અનેક સાધુ-સંતોની ધરપકડનો ભારત સહિત અનેક દેશો વિરોધ જોવા મળી રહ્યો છે. આ ક્રમમાં TMCની પ્રમુખ મમતા બેનરજીએ પણ બાંગ્લાદેશની સ્થિતિ અંગે મોટું નિવેદન આપ્યું છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી વિધાનસભામાં નિવેદન આપવાની સાથે માંગ કરી છે કે, ‘વડાપ્રધાન નરેન્દ્ર મોદી બાંગ્લાદેશ સાથે વાત કરે. તેમણે વિનંતી કરી છે કે, જો વડાપ્રધાન મોદીને વાત કરવામાં કોઈ સમસ્યા નડતી હોય તો વિદેશ મંત્રી બાંગ્લાદેશ સાથે વાત કરે.’

તેમણે કેન્દ્ર સરકાર પર પ્રહારો કરી કહ્યું કે, ‘કેન્દ્ર સરકાર છેલ્લા ૧૦ દિવસથી મૌન ધારણ કરીને બેઠી છે. તેમની પાર્ટી (BJP) બોર્ડર તેમજ આયાત-નિકાસ બંધ કરવાની ધમકી આપી રહી છે. કેન્દ્ર સરકાર ચોક્કસ ઓર્ડર આપે, ત્યારે જ આવું થઈ શકે છે. મમતાએ બાંગ્લાદેશમાં સંયુક્ત રાષ્ટ્ર શાંતિ સ્થાપના કમિટી મોકલવાની પણ માંગ કરી છે.

મમતા વિધાનસભામાં કહ્યું કે, ‘હું સંયુક્ત રાષ્ટ્રને બાંગ્લાદેશમાં શાંતિ રક્ષા સમિતિ મોકલવાનું પણ સૂચન કરું છું.

અમે કોઈપણ જ્ઞાતિ, ધર્મ અને ધર્મ પર કોઈપણ પ્રકારના અત્યાચારની નિંદા કરીએ છીએ. અમે વડાપ્રધાન મોદીને અપીલ કરી રહ્યા છીએ કે, જરૂર પડે તો તેઓ બાંગ્લાદેશ સાથે વાત કરે અથવા વિદેશમંત્રી બાંગ્લાદેશ સાથે વાત કરે.’ તેમણે વધુમાં કહ્યું કે, ‘જો બાંગ્લાદેશમાં આવી સ્થિતિ ચાલી રહી છે, તો અમે અમારા લોકોને પરત લેવા માટે તૈયાર છીએ.

અમે અડધી રોટલી ખાઈને રહીશું, પરંતુ તેઓને ખાવા-પીવામાં કોઈ અછત નહીં આવવા દઈએ. હું આશ્વાસન આપું છું કે, તેઓએ ભોજનની અછતનો સામનો નહીં કરવો પડે.’

### આ વર્ષે ૪૦૦૦૦ પકડાયા

# અમેરિકા-કેનેડા બોર્ડર ઉપર ભારતીયોની ઘૂસણખોરી વધી

**અમેરિકાએ છેલ્લા કેટલાક સમયથી યુએસમાં ઈલીગલી એન્ટર થવાના રૂટ પર સખ્તાઈ વધારી દીધી છે**

વોશિંગ્ટન, તા.૨

છેલ્લા કેટલાક સમયથી અમેરિકાએ યુએસમાં ઘૂસણખોરી કરતા ઈલીગલ ઈમિગ્રન્ટ્સ માટેના ઘણા રૂટ પર સખ્તી વધારી દીધી છે જેના કારણે તાજેતરના વર્ષોમાં યુએસ-કેનેડા બોર્ડર પર ઈલીગલ ક્રોસિંગ વધી ગયું છે અને તેમાં ભારતીયોની સંખ્યામાં પણ મોટો ઉછાળો આવ્યો છે. યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટા પ્રમાણે નોર્ધન બોર્ડર પર થયેલા એક્રાઉન્ટરમાં અમેરિકામાં ઈલીગલી ઘૂસણખોરી કરનારા ભારતીયોની સંખ્યામાં ૨૨ ટકાનો ઉછાળો નોંધાયો છે.`જીઝ્રમ્ઁ દ્વારા તેના નાણાકીય વર્ષ અનુસાર ડેટા જાહેર કરવામાં આવ્યા છે.

૨૦૨૨માં અમેરિકામાં ઈલીગલી એન્ટર થવાના કુલ ૧,૦૯,૫૩૫ પ્રયાસો થયા હતા જેમાં ભારતીયોની સંખ્યા ૧૬ ટકા જેટલી હતી. ૨૦૨૩માં તે ટકાવારીમાં કોઈ મોટો વધારો ન હતો થયો અને મોટા ભાગે તે સ્થિર રહી હતી. જોકે બાદમાં ઈલીગલી યુએસમાં એન્ટર થવાના પ્રયાસોની સંખ્યામાં તીવ્ર ઉછાળો આવ્યો હતો અને તે ૧,૮૯,૪૦૨ થયો હતો જેમાં ભારતીયોની સંખ્યા ૩૦,૦૧૦હતી. આ વર્ષે પણ તેમાં નોંધપાત્ર વધારો થયો છે કુલ ૧,૯૮,૯૨૯ પ્રયાસોમાંથી ભારતીયોની સંખ્યા ૪૩,૭૬૪ હતી જે ૨૨ ટકાની નજીક થાય છે. જોકે આ ડેટા બોર્ડર ઓફિસર્સ દ્વારા જે લોકો પકડાયા છે તેમની છે પરંતુ જે લોકો ડિટેક્ટ થઈ શક્યા નથી તેમની સંખ્યા ઉપલબ્ધ નથી.

અમેરિકાના પ્રેસિડેન્ટ તરીકે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પે ૨૦ જાન્યુઆરીએ સત્તા સંભાળતા પહેલા જ કેનેડાને ઈલીગલ ક્રોસિંગ બંધ કરાવવાની ધમકી આપતા કહ્યું હતું કે જો કેનેડાએ આમ ના કર્યું તો તેના પર ૨૫ ટકા ટેરિફ ઝીંકવામાં આવશે. ટ્રમ્પની આ ધમકી બાદ કેનેડાના પ્રાઈમ મિનિસ્ટર જસ્ટિન ટ્રૂડો સાત લોકોની ટીમ સાથે ટ્રમ્પની મુલાકાત કરવા માટે તાબડતોબ ફ્લોરિડા પહોંચ્યા હતા. ટ્રૂડોએ ટ્રમ્પના માર-એ-લાગો સ્થિત નિવાસ સ્થાને આગામી યુએસ પ્રેસિડેન્ટ સાથે મુલાકાત કરી હતી. ટ્રૂડોની સાથે કેનેડાના પબ્લિક સિક્યોરિટી મિનિસ્ટર ડોમિનિક લેબ્લેક હતા અને તેઓ ઝ્રમ્ઁની જેમ કેનેડિયન બોર્ડર સર્વિસીસ એજન્સીનો હવાલો સંભાળે છે.

વોશિંગ્ટન ડીસી સ્થિત થિંક ટેક્ર નિસ્કાનેન સેન્ટરે આ વર્ષે સપ્ટેમ્બરમાં કરેલા એનાલિસિસ પ્રમાણે ભારતીયો માટે યુએસમાં ઈલીગલી એન્ટર થવા માટે કેનેડા એક સરળ રસ્તો બની ગયો છે. આનું કારણ સમજાવતા થિંક ટેક્રે જણાવ્યું છે કે સરેરાશ કેનેડિયન વિઝિટર વિઝા માટે પ્રોસેસિંગનો સમય ૭૬ દિવસનો હતો, જ્યારે બીજી તરફ યુએસના વિઝિટર વિઝાની એપોઈન્ટમેન્ટ માટેનો વેઈટિંગ પીરિયડ લગભગ એક વર્ષ છે. આ ઉપરાંત યુએસ-કેનેડા બોર્ડર યુએસ-મેક્સિકો બોર્ડર કરતાં લાંબી છે અને ત્યાં સિક્યોરિટી પણ પ્રમાણમાં ઓછી છે. કેનેડામાં ખાલિસ્તાનનો મુદ્દો પણ ઘણો મહત્વનો ભાગ ભજવી રહ્યો છે તેમ જણાવતા એનાલિસિસમાં કહેવામાં આવ્યું છે કે, ભારતમાંથી તાજેતરના ઘણા ઈરેગ્યુલર માઈગ્રન્ટ્સમાંથી મોટા ભાગના પંજાબથી આવે છે જે મુખ્યત્વે શીખ રાજ્ય છે અને તેઓ કેનેડા મારફતે આવીને અમેરિકામાં અસાયલમ માંગે છે. આ મુદ્દો ભવિષ્યમાં ત્રિપક્ષીય વિવાદનો મુદ્દો બનવાની સંભાવના છે.

ઉલ્લેખનીય છે કે કેનેડા બોર્ડર પર અરેસ્ટ થતાં લોકોનો આંકડો ભલે મેક્સિકોની સરખામણીએ ઘણો ઓછો હોય, પરંતુ આ બોર્ડર પર પકડાયા વિના જ અમેરિકામાં ઘૂસી જતાં લોકોની સંખ્યા ઘણી વધારે છે. બાઈડને પ્રેશર વધાર્યા બાદ પણ કેનેડાએ છેલ્લા છ મહિનામાં ઈન્ડિયન્સને વિઝા આપવા પર અનેક નિયંત્રણો મૂકી દીધા છે તેમજ વિઝા એપ્લિકેશનને પ્રોસેસ કરવાની સિસ્ટમમાં પણ ધરમૂળથી સુધારા કર્યા છે. આ ઉપરાંત યુએસ-કેનેડા બોર્ડર જીવલેણ પણ સાબિત થઈ શકે અને તેમાં પણ ખાસ કરીને શિયાળો શરૂ થાય ત્યારે ત્યાંનું વાતવરણ અત્યંત આકરું બની જતું હોય છે. ૧૯ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ કેનેડા-અમેરિકા બોર્ડર પર કાતિલ ઠંડીમાં થીજીને મોતને ભેટેલા ડીંગુચાના જગદીશ પટેલ અને તેમના પરિવારના મોતે સનસનાટી મચાવી દીધી હતી. આ પરિવાર કેનેડાની બોર્ડરથી યુએસમાં ઈલીગલી એન્ટર થવા ગયો હતો પરંતુ યુએસ બોર્ડરથી થોડા જ અંતરે કાતિલ ઠંડીમાં થીજીને તેમના મોત થયા હતા.

### મહારાષ્ટ્રમાં CM પર નિર્ણય અટક્યો!

# એકનાથ શિંદેએ કહ્યું લોકો તો ઇચ્છે જ છે કે હું જ મુખ્યમંત્રી રહું

**મહારાષ્ટ્રના કાર્યવાહક મુખ્યમંત્રી શિંદેની તબીયત પૂરેપૂરી ઠીક નથી : આના કારણે બધી મીટિંગ્સ રદ્દ કરવામાં આવી**

મુંબઈ, તા.૨

મહારાષ્ટ્રના કાર્યવાહક મુખ્યમંત્રી એકનાથ શિંદે ની તબીયત ઠીક ન હોવાના કારણે આજે (૨ ડિસેમ્બર) ની બધી મીટિંગ્સ રદ્દ કરવામાં આવી છે. ડૉક્ટરોએ તેમને આરામ કરવાની સલાહ આપી છે.

આ પહેલા શનિવારે પણ એકનાથ શિંદે ની તબીયત અચાનક બગડી હતી, જેના પછી સતારામાં તેમના ઘરે ડૉક્ટરોની એક ટીમ પહોંચી હતી. એકનાથ શિંદે ની તબીયત એવા સમયે બગડી છે, જ્યારે મહારાષ્ટ્રમાં નવી સરકાર ઘડવાને લઈને મંથન ચાલી રહ્યું છે કે છેવટે રાજ્યનો મુખ્યમંત્રી કોણ બનશે? ખાસ નોંધ કે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મહાયુક્તિ ગઠબંધનને મોટી જીત મળી છે. મહાયુક્તિમાં સામેલ ભાજપ, શિવસેના અને NCP એ ૨૮૮માંથી ૨૩૦ સીટ જીતી છે. આમાંથી ભાજપે ૧૩૨, શિવસેનાએ ૫૭ અને NCP એ ૪૧ સીટ જીતી છે, જ્યારે તેમના વિરોધી મહા વિકાસ અઘાડી ગઠબંધનને કારમી હારનો સામનો કરવો પડ્યો છે.

મહા વિકાસ અઘાડીમાં સામેલ કોંગ્રેસ ૧૬ સીટ, NCP શરદ પવાર ૧૦ સીટ અને શિવસેના UBT ૨૦ સીટ જ જીતી શકી છે. ૨૩ નવેમ્બરે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. ૯ દિવસ વીતી જવા છતાં મુખ્યમંત્રી પદ ને લઈને કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. ઈન્ડિયન એક્સપ્રેસના એક ઈન્ટરવ્યૂ દરમિયાન રવિવારે CM એકનાથ શિંદે એ દાવો કર્યો કે જનતા ઈચ્છે છે કે તે જ મુખ્યમંત્રી રહે. તેમણે કહ્યું કે હું સામાન્ય લોકો માટે કામ કરું છું, હું જનતાનો મુખ્યમંત્રી છું, આ કારણે લોકો માને છે કે મને જ મુખ્યમંત્રી બનવું જોઈએ.સૂત્રોના કહેવા પ્રમાણે, ચાર ડિસેમ્બરે ભાજપ વિધાયક દળની બેઠક થઈ શકે છે. જેના માટે ભાજપના બધા વિધાયકોને મંગળવારે મુંબઈ આવવાનો આદેશ આપવામાં આવ્યો છે. ત્યારબાદ મહાયુક્તિ તરફથી રાજભવન જઈને સરકાર બનાવવાનો દાવો રજૂ કરી શકાશે. નોંધનીય છે કે, ગઈકાલે ભાજપના એક નેતાએ પીટીઆઈને જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રના નવા મુખ્યપ્રધાન તરીકે દેવેન્દ્ર ફડણવીસનું નામ ફાઈનલ કરવામાં આવ્યું છે, જેઓ ૨ અથવા ૩ ડિસેમ્બરના રોજ યોજાનારી બેઠકમાં ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટાશે, એમ ભાજપના એક વરિષ્ઠ નેતાએ દાવો કર્યો હતો. મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી તરીકે દેવેન્દ્ર ફડણવીસનું નામ ફાઈનલ કરવામાં આવ્યું છે. ભાજપના એક વરિષ્ઠ નેતાએ પીટીઆઈને જણાવ્યું હતું કે, નવી બીજેપી ધારાસભ્ય દળની બેઠક પસંદ કરવા માટેની બેઠક ૨ અથવા ૩ ડિસેમ્બરે યોજાશે.

### નાણામંત્રી સીતારમણે આપ્યો જવાબ

# હેલ્થ કે લાઈફ ઈન્શ્યોરન્સ પર ઘટાડવામાં આવી શકે છે ટેક્સ

**જીએસટી પરિષદ તરફથી જીએસટી દરમાં ઘટાડાની ભલામણ કરવામાં આવે છે તો જીએસટી ઘટાડવાથી ઈન્શ્યોરન્સ ખર્ચમાં ઘટાડો થવાની આશા**

નવી દિલ્હી, તા.૨

જીએસટી પરિષદ જો હેલ્થ કે લાઈફ ઈન્શ્યૉરન્સ પર જીએસટી દરોમાં ઘટાડાની ભલામણ કરે છે તો પોલિસીધારક માટે વીમાનો ખર્ચ ઓછો થવાની આશા છે. નાણા મંત્રી નિર્મલા સીતારમણે સોમવારે આ વાત કહી. લોકસભામાં એક લેખિત જવાબમાં તેમણે કહ્યું કે ’જીએસટી પરિષદે ૯ સપ્ટેમ્બરની પોતાની બેઠકમાં લાઈફ અને હેલ્થ ઈન્શ્યૉરન્સ પર જીએસટીથી સંબંધિત મુદ્દાઓ પર સંપૂર્ણપણે વિચાર કરવા માટે મંત્રીઓના એક જૂથની રચનાની ભલામણ કરી હતી. લાઈફ અને હેલ્થ ઈન્શ્યૉરન્સ પર જીએસટી દરોની સમીક્ષાનો મામલો જીઓએમની સમક્ષ પેન્ડિંગ છે. જો જીએસટી પરિષદ તરફથી જીએસટી દરમાં ઘટાડાની ભલામણ કરવામાં આવે છે તો જીએસટી ઘટાડવાથી પોલિસી ધારક માટે ઈન્શ્યૉરન્સના ખર્ચમાં ઘટાડો થવાની આશા છે.’

જીએસટી દર ઈન્શ્યૉરન્સ પ્રીમિયર પર અલગથી લાગુ થાય છે તેથી જો જીએસટી દર ઓછા થઈ જાય છે તો તેનાથી પોલિસીધારકને સીધો લાભ મળવાની આશા છે. ખાસ કરીને પ્રતિસ્પર્ધી માર્કેટમાં જ્યાં ઘણી વીમા કંપનીઓ છે. તેનાથી વીમાનો ખર્ચ એક મર્યાદા સુધી ઓછો થઈ જશે. વર્તમાનમાં લાઈફ અને હેલ્થ ઈન્શ્યૉરન્સ પોલિસીઓ માટે ચૂકવણી માટે જતાં પ્રીમિયમ પર ૧૮ ટકા જીએસટી લગાવવામાં આવે છે.

સીતારમણની અધ્યક્ષતાવાળી જીએસટી પરિષદની બેઠક ૨૧ ડિસેમ્બરે થવાની છે, જેમાં રાજ્ય સરકારોના મંત્રી પણ સામેલ હશે. આ બેઠકમાં લાઈફ અને હેલ્થ ઈન્શ્યૉરન્સ પર જીએસટી ઘટાડવા માટે મંત્રી જૂથના રિપોર્ટ પર ચર્ચા થવાની આશા છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં કેન્દ્ર અને રાજ્ય સરકારોએ હેલ્થ સર્વિસ અને લાઈફ ઈન્શ્યૉરન્સ પોલિસીઓથી ૧૬,૩૯૮ કરોડ રૂપિયા જીએસટી એકત્ર કરી હતી. જેમાં લાઈફ ઈન્શ્યૉરન્સથી ૮,૧૩૫ કરોડ રૂપિયા અને હેલ્થ ઈન્શ્યૉરન્સથી ૮,૨૬૩ કરોડ રૂપિયાનો જીએસટી સંગ્રહ કરવામાં આવ્યો હતો.

આ સિવાય ગત નાણાકીય વર્ષમાં લાઈફ અને હેલ્થ ઈન્શ્યૉરન્સ પર રિઈન્શ્યૉરન્સથી જીએસટી દરમાં ૨,૦૪૫ કરોડ રૂપિયા એકત્ર કરવામાં આવ્યા, જેમાં લાઈફ પર રિઈન્શ્યૉરન્સથી સંગ્રહ કરવામાં આવેલા ૫૬૧ કરોડ રૂપિયા અને હેલ્થ કેર રેવન્યુ ૧,૪૮૪ કરોડ રૂપિયા સામેલ છે.

જીએસટી પરિષદની બેઠક ૨૧ ડિસેમ્બરે જેસલમેરમાં થવાની છે. જેમાં લાઈફ અને હેલ્થ ઈન્શ્યૉરન્સ પર જીએસટીના મુદ્દા પર વિચાર કરવાની આશા છે. બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીની અધ્યક્ષતામાં લાઈફ અને હેલ્થ ઈન્શ્યૉરન્સ પર રચિત મંત્રી જૂથની પહેલી બેઠક ૧૯ ઓક્ટોબરે થઈ.

મામલાથી જોડાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર મંત્રી જૂથે ટર્મ લાઈફ ઈન્શ્યૉરન્સ પોલિસીઓ અને વરિષ્ઠ નાગરિકોના હેલ્થ ઈન્શ્યૉરન્સ માટે ચૂકવણી કરનાર ઈન્શ્યૉરન્સ પ્રીમિયમને જીએસટીથી છૂટ આપવા પર મોટા પાયે સંમતિ વ્યક્ત કરી છે. આ સિવાય વરિષ્ઠ નાગરિકો સિવાય અન્ય વ્યક્તિઓ તરફથી ૫ લાખ રૂપિયા સુધીના હેલ્થ ઈન્શ્યૉરન્સ માટે ચૂકવણી કરવામાં આવેલા પ્રીમિયમ પર જીએસટીથી છૂટ આપવાનો પ્રસ્તાવ છે.

જોકે, ૫ લાખ રૂપિયાથી વધુના હેલ્થ ઈન્શ્યૉરન્સ કવર વાળી પોલિસીઓ માટે ચૂકવણી કરવામાં આવેલા પ્રીમિયમ પર ૧૮ ટકા જીએસટી છૂટ રહેશે.

### ઓઈલ કંપનીઓને હવે જલસા

# કેન્દ્ર સરકારે હટાવ્યો વિંડફોલ ટેક્સ, બે વર્ષ બાદ મળી રાહત

**આ ટેક્સ એર ટર્બાઈન ફ્યૂલથી લઈને પેટ્રોલ-ડીઝલ પર પણ લાગતો હતો, તેને SAED તરીકે પણ ઓળખવામાં આવે છે**

નવી દિલ્હી, તા.૨

કેન્દ્ર સરકારે મોટો નિર્ણય લેતા ઈંધણ પરનો વિંડફોલ ટેક્સ હટાવી દીધો છે. આ ટેક્સ એર ટર્બાઈન ફ્યૂલથી લઈને પેટ્રોલ-ડીઝલ પર પણ લાગતો હતો. તેને ઔપચારિક રીતે સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યુટી (SAED) તરીકે પણ ઓળખવામાં આવે છે, જે વર્ષ ૨૦૨૨માં એવા સમયે લાદવામાં આવ્યો હતો જ્યારે રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન ક્રૂડ ઑઈલની કિંમતો હાઈ લેવલ પર પહોંચી ગઈ હતી. હવે નાણા મંત્રાલયે આ ટેક્સને સંપૂર્ણપણે હટાવી દીધો છે.

એક અહેવાલ પ્રમાણે સરકારે ક્રૂડ ઑઈલના ભાવમાં આંતરરાષ્ટ્રીય સ્તરે આવેલા ઘટાડા વચ્ચે સ્થાનિક સ્તરે ઉત્પાદિત ક્રૂડ ઑઈલ અને એવિએશન ઈંધણ (ATF), પેટ્રોલ અને ડીઝલની નિકાસ પરનો આ ૩૦ મહિના જૂનો ટેક્સ આજે હટાવી દીધો છે. નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ રાજ્યસભામાં આ અંગે એક નોટિફિકેશન રજૂ કર્યું છે. જેમાં જાહેર ક્ષેત્રની ONGC જેવી કંપનીઓ દ્વારા ઉત્પાદિત ક્રૂડ ઑઈલ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ જેવી કંપનીઓ દ્વારા કરવામાં આવેલી ઈંધણની નિકાસ પર લાગતા ટેક્સને હટાવી દેવાનો નિર્ણય કર્યો છે.

આ નિર્ણયને ૨૯/૨૦૨૪ અને ૩૦/૨૦૨૪ નંબરની નોટિફિકેશન દ્વારા ઔપચારિક રૂપ આપવામાં આવ્યું છે, જેને સંસદમાં રાખવામાં આવ્યો હતો. તમને જણાવી દઈએ કે ક્રૂડ ઑઈલની કિંમતોમાં ધરખમ વધારાને કારણે સરકારે વર્ષ ૨૦૨૨માં સ્થાનિક ક્રૂડ, પેટ્રોલ-ડીઝલ અને એવિએશન ઈંધણની નિકાસમાંથી ઑઈલ કંપનીઓને થતા નફા પર વિંડફૉલ ટેક્સ લગાવવાનો નિર્ણય લીધો હતો, જેનો હેતુ રેવન્યૂ વધારવાનો હતો. હવે સરકાર દ્વારા આ ટેક્સ હટાવવાથી ઑઈલ સેક્ટરની તમામ કંપનીઓને મોટી રાહત મળી છે. રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન વર્ષ ૨૦૨૨માં ભારત ક્રૂડ ઑઈલ ઉત્પાદકો પર વિંડફૉલ ટેક્સ લગાવીને એ દેશોમાં સામેલ થયો હતો, જે એનર્જી કંપનીઓના નફા પર ટેક્સ લગાવે છે. ગ્લોબલ માર્કેટમાં ક્રૂડ ઑઈલ અને પેટ્રોલ, ડીઝલ, એટીએફ જેવા રિફાઈનરી ઉત્પાદનોના ભાવમાં સમયની સાથે વધ-ઘટ થતી રહે છે. વિંડફૉલ ટેક્સ એ એક એવો ટેક્સ છે જે સ્થાનિક સ્તર પર ક્રૂડ ઉત્પાદક કંપનીઓ પર એક ચોક્કસ મર્યાદા કરતાં વધુ નફા પર લાદવામાં આવે છે. જો ગ્લોબલ માર્કેટમાં ડીઝલ, પેટ્રોલ અને એટીએફ વગેરેના ભાવ સ્થાનિક બજાર કરતા વધારે હોય તો રિફાઈનરીઓ નિકાસ વધારવા લાગે છે, જેથી તેને વધુ નફો થાય. સરકાર તેના પર લગામ લગાવવા અને સ્થાનિક બજારમાં ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે વિંડફૉલ પ્રોફિટ ટેક્સ લાદી દે છે. આ જ ગણતરી ક્રૂડ ઑઈલના મામલે પણ લાગુ પડે છે. બીજી તરફ જ્યારે ગ્લોબલ માર્કેટમાં તેની કિંમત ઘટી જાય છે ત્યારે કંપનીઓ પોતે જ નિકાસ ઘટાડવાનું શરૂ કરે છે. જ્યારે આવી સ્થિતિ ઊભી થાય છે ત્યારે સરકાર વિંડફૉલ ટેક્સ ઘટાડવા અથવા હટાવવાનો નિર્ણય લે છે. ભારત સરકારે સૌપ્રથમ ૧ જુલાઈ, ૨૦૨૨ ના રોજ વિંડફૉલ પ્રોફિટ ટેક્સ લાદવાનો નિર્ણય લીધો હતો.

## કૃષિ પ્રધાન દેશમાં કૃષિકારોને પરેશાની સતત મળતી રહે છે

# યુરીયા કે ડીએપી સાથે અન્ય ખાતર પરાણે પધરાવતા રોષ

### અમરેલીમાં એગ્રી બિઝનેશ સેન્ટરનાં સંચાલક ફરજીયાતપણે નેનો ખાતર પધરાવતા હોવાની ફરિયાદ

### ખેડૂત નનૈયો ભણે તો ન લેવું હોય તો રવાના થાવ તેમ કહીને અપમાનિત કરાતાં નારાજગી

### જિલ્લામાં ખેડૂત પુત્રનાં નામે નેતા બનનાર આગેવાનો ખેડૂતની કોઈ મદદ કરતા નથી

### જિલ્લા ખેડૂત હિત રક્ષક સમિતિએ ખેડૂતોની સમસ્યા દૂર કરવા નહી તો આંદોલનની ચીમકી ઉચ્ચારી

અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લા ખેડૂત હિત રક્ષક સમિતિનાં પ્રમુખ નંદલાલ ભડકણે મુખ્યમંત્રીને પત્ર પાઠવીને ખેડૂતની વ્યથા વર્ણવીને તેનું નિરાકરણ કરવાની માંગ કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લાનાં ધરતી પુત્રો અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે તેવા સંજોગોમાં હાલ શિયાળુ પાકની વાવણીની કાર્યવાહી શરૂ હોય જેથી પાયાના ખાતરમાં વપરાતા ડીએપી ખાતરની અત્યંત જરૂર હોય જે સમયસર મળતું નથી. અચાનક કોઈ સહકારી કે પ્રાઈવેટ ખાતર વિક્રેતાના ડેપો પર ડીએપી ખાતર આવે ત્યારે અન્ય કામ-ધંધા છોડી પાંચ-સાત કલકા લાઈનમાં ઉભા રહીને ખાતર મેળવતા હોય છે. જેમાં મોટાભાગના ખેડૂતો આર્થિક મુશ્કેલીના કારણે ઉધાર-ઉછીના કરી ખાતરના પૈસાની વ્યવસ્થા કરતા હોય તેવા સંજોગોમાં મોટાભાગના સહકારી કે પ્રાઈવેટ ખાતર સરકારનાં આદેશને ઘોળીને પી જઈ ફરજીયાત બે કે ત્રણ થેલી ડીએપી કે યુરીયા ખાતર સાથે નેનો અન્ય ખાતર પાંચસો-સાતસો રૂપિયાનું આપે છે જે સત્વરે બંધ થવું જોઈએ. જેમાં અમરેલીમાં એગ્રી બીઝનેસ સેન્ટર નામના વિક્રેતા ખેડૂત વિરોધી નીતિ ધરાવતા વટથી સ્પષ્ટ કહે છે કે ડીએપી કે યુરીયા જોતું હોય તો નેનો ફરજીયાત લેવાનું છે. ન લેવું હોય તો રવાના થાવ તેવા શબ્દ વાપરી ખેડૂતોનું અપમાન કરતા હોય. રાજય સરકારનો સ્પષ્ટ આદેશ છે કે ડીએપી કે યુરીયા ખાતર સાથે નેનો કે અન્ય ખાતર ફરજીયાત ન આપવું જે પ્રેસ મીડિયામાં પણ આવેલ હોય. છતાં સરકારના આદેશને ઘોળીને પી જનાર આવા એગ્રી બીઝનેસ સેન્ટર વિરૂધ્ધ નિયમાનુસાર કડક કાર્યવાહી અમોની માંગણી છે.

ઉપરોકત એગ્રી બીઝનેસ સેન્ટર વિરૂધ્ધ દિવસ-૮ માં કોઈ કાર્યવાહી નહી કરવામાં આવે તો અમારે નાછુટકે ગાંધી ચિંધ્યા રાહે આંદોલન કરવાની ફરજ પડશે. આંદોલનના ભાગરૂપે ધરણા કે તાળાબંધી કે રસ્તા રોકો જેવા આંદોલન કરવાની ફરજ પડશે જેની સંપૂર્ણ જવાબદારી વહીવટી તંત્રની અંગત રહેશે તેમ અંતમાં જણાવેલ છે.

---

#### આગામી ૬ ડિસેમ્બરના રોજ

## બગસરા ખાતે સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા ત્રિવિધ કાર્યક્રમનું આયોજન

### પ્રાર્થના હોલનું લોકાર્પણ, દાતાઓનું સન્માન તથા બ્રહ્મચોર્યાસીનું આયોજન



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૨

બગસરા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા રત્નેર મહાદેવ મંદિર ખાતે નવનિર્માણ પામેલ પ્રાર્થના હોલના લોકાર્પણ નિમિત્તે ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

વિગત અનુસાર સમસ્ત બ્રહ્મ સમાજ બગસરા દ્વારા આગામી તારીખ ૬ ડિસેમ્બરના રોજ રત્નેર મહાદેવ મંદિર ખાતે દાતાઓના સહયોગથી તૈયાર થયેલ ભવ્ય પ્રાર્થના હોલના લોકાર્પણનું આયોજન એમ. જી. જોશીના અપ્રયક્ષ સ્થાને કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં બગસરા મોટી હવેલીના રાસેશ્વર બાવા તેમજ સમસ્ત બ્રહ્મ સમાજ અમરેલી જિલ્લાના પ્રમુખ મુકુંદભાઈ મહેતા ઉપપ્રમુખ સિદ્ધાર્થભાઈ ઠાકર તેમજ મંત્રી ભગીરથભાઈ ત્રિવેદીની ઉપસ્થિતિમાં દાતાઓનું સન્માન પણ કરવામાં આવશે.

આ ઉપરાંત દાતાના સહયોગથી બ્રહ્મચોર્યાસી પણ કરવામાં આવનાર છે. આ પ્રાર્થના હોલના સ્વપ્નદૃષ્ટા ચંદુભાઈ પંડ્યા તથા નિર્માણમાં જેમનો સહયોગ મળેલ છે તેવા રાજુભાઈ બામટાનો પણ સમાજ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવશે. આ ત્રિવિધ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમસ્ત બ્રહ્મ સમાજ બગસરાના યુવાનો ભારે જહમત ઉઠાવી રહ્યા છે.

---

## સાવરકુંડલામાં દિવ્યાંગ વ્યકિત દ્વારા પ્રેરણાદાયી રીતે સેવાકાર્ય



સાવરકુંડલા, તા. ૨

ત્રીજી ડિસેમ્બર વિશ્વ દિવ્યાંગ દિવસ સમગ્ર વિશ્વમાં જયારે વિશ્વ દિવ્યાંગ વિકલાંગ દિવસની ઉજવણી કરવા માં આવે છે ત્યારે દિવ્યાંગોને ખુદારી થી જીવન વિતાવવાનો અધિકાર ભારત ના બંધારણે આપ્યો છે અનેક રાહતો આપી છે ત્યારે સાવરકુંડલાના બને પગે દિવ્યાંગ છતાં જાત મહેનત જીંદા બાદ ને મહેનત ની પોતાના પગ પોતાના કર્મ માની ખુદદારી ભર્યું જીવન જીવી મહેનત કરતા ભરત વાઢેર દિવ્યાંગો માટે દાખલો રૂપ છે ભરત વાઢેર કમર થી નીચે ૧૦૦ ટકા વિકલાંગ છે છતાં પોતાની મહેનત ને જ પોતાના પગ માને છે અને સાવરકુંડલા મામલતદાર કચેરી બહાર વર્ષો થિ બેસી લોકો ની અરજી લખવાનું કાર્ય કરી પોતાનું પેટિયું રળે છે અને પોતાનું ખુદારી થિ જીવન નિર્વાહ કરે છે કે સાથે સાથે અનેક દિવ્યાંગો ને માર્ગ દર્શન પણ આપે છે ત્યારે રોજ બરોજ ટ્રાઈ સાઈકલ લઈ સવાર થીજ ભરત પોતાની ફરજ બજાવવા પહોંચી જાય છે તો વળી ગરીબ ગુરબાઓ ને આ વિકલાંગ ભરત મફત માં અરજી પણ લખી આપે છે ત્યારે મામલતદાર બહાર બેસી પોતાનું પેટિયું રળતા આ ગરીબ વિકલાંગની ખુદારી ને આજ ના દિવસે સલામ છે.

---

#### બાળકો વ્યવસાયિક સજજતા મેળવે તે હેતુથી

## બગસરા શાળા નંબર ચાર ખાતે આનંદ મેળો યોજાયો

### બાળકોએ પોતે બનાવેલ વસ્તુઓની જાહેરાત અને વેચાણ કર્યુ


તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૨

બગસરાની શાળા નંબર ૪ ખાતે બાળકો વ્યવસાયિક સજ્જતા મેળવે તે હેતુથી આનંદ મેળા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બાળકોએ જાતે બનાવેલી વસ્તુઓનું વેચાણ કરી વેપાર શીખ્યો હતો.

વિગત અનુસાર રાજય સરકાર દ્વારા ટેન બેગ લેસ ડે ના સંકલ્પ અનુસાર બાળકોમાં વ્યવસાયિક સજ્જતાના ગુણ વિકસે તે પ્રકારની પ્રવૃત્તિઓ શાળાઓમાં કરાવવા નિર્ણય કરેલ છે જે અંતર્ગત બગસરા શાળા નંબર ૪ ખાતે આનંદ મેળા નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો દ્વારા પોતે બનાવેલ ખાણીપીણીની વસ્તુઓનું સ્ટોલ કરી વેચાણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન બાળકો દરેક વસ્તુની પડતર કિંમત, ખર્ચ કિંમત અને વેચાણ કિંમત ની સમજણ મેળવી નફા અને નુકસાનની ગણતરી કરી હતી. આ તકે બગસરા તાલુકાના ટી. પી.ઈ.ઓ. પ્રફુલભાઈ સાવલિયા, કે.ની. શિક્ષણ રમેશભાઈ માલવીયા, ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવાર દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

---

#### તાજેતરમાં વિજેતા થયા બાદ

## બાબરાની નાગરિક બેન્કનાં ચેરમેન સહિતના ડીરેકટરે ધારાસભ્યની મુલાકાત લીધી

### બેન્કનાં વિકાસ માટે ચર્ચા-વિચારણા કરાઈ


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨

બાબરા નાગરિક બેંકના ચેરમેન હસુભાઈ પોપટ સહિત સાથી ડિરેકટર અંકુર જસાણી, હરેશ આખજા અને જગદીશ વાવડીયા સહિતના ડિરેક્ટર દ્વારા ધારાસભ્ય જનકભાઈ તળાવિયાની લાઠી ખાતેની ઓફિસ ખાતે શુભેચ્છા મુલાકાત કરી નાગરિક બેન્ક ના સર્વાંગી વિકાસ અંગે ચર્ચાઓ કરી હતી તેમજ આગામી બેન્ક ના વિકાસ અંગે શુ વિઝન છે તે જણાવ્યું હતુ.

ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ નાગરિક બેંકના ચેરમેન હસુભાઈ પોપટ સહિતના ડિરેક્ટરનું ઉષ્મા ભર્યું સ્વાગત કરી બેંકના પૂરતા વિકાસ માટે રાજય સરકાર અને કેન્દ્ર સરકાર માં જે જરૂર પડશે તેમાં પૂરતો સહકાર આપવાની ખાત્રી આપી હતી અને વધુમાં જણાવ્યું હતું કે બાબરા શહેર ને નાગરિક બેંકમાં લાંબા સમય બાદ એક સારી પેનલ મળી છે જે બેન્ક નો સારો વિકાસ કરી શકે જેના થી સભાસદોનું હિત સચવાઈ રહે.

---

## ૩ ડિસેમ્બર, ''વિશ્વ વિકલાંગ(દિવ્યાંગ) દિવસ''



અમરેલી, તા. ૨

વિકલાંગ (દિવ્યાંગ) વ્યકિતઓને સમાન તક આપવા અને તેમના અધિકારોની અનુભૂતિ કરાવવા માટે દર વર્ષે ૩ ડિસેમ્બરે ''વિ વિકલાંગ(દિવ્યાંગ) દિવસ'' મનાવવામાં આવે છે. વિકલાંગ (દિવ્યાંગ) વ્યકિતઓનાં માનવ અધિકારો, સ્થાયી વિકાસ તેમજ વાસ્તવિક જીવનમાં સહાયતા અપાવવા માટે આ દિવસને મનાવવામાં આવે છે. આ ઉપરાંત આ દિવસનો હેતુ રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક જીવનનાં દરેક પાસામાં વિકલાંગ (દિવ્યાંગ) વ્યકિતઓની પરિસ્થિતિ વિશે જાગરૂકતા વધારવાનો છે. કયારેક સમાજમાં થતી આવા વ્યકિતઓની અવગણના અને તેમના પ્રત્યે લઘુતા ગ્રંથિ રાખવામાં આવે છે જે એક સભ્ય સમાજ ધરાવતા દેશ માટે સારી બાબત ન કહેવાય. વળી કયારેક તેમનાં પ્રત્યે વધુ પડતી દયા જતાવીને તેમને અકળાવી મારવામાં આવે છે. આવી બાબતો પર અંકુશ લગાવવા માટે આ દિવસ ખાસ મહત્વ ધરાવે છે. આજે એક યુવાન દેશ ગણાતા ભારતમાં કેટલાંય યુવાનો છે, સ્કીલ ઈન્ડીયા અને મેક ઈન ઈન્ડીયા દ્વારા સરકાર યુવાનો માટે નવી નવી રોજગારીની તકો ઉભી કરવાનો સતત પ્રયાસ કરી રહી છે, પરંતુ કોણ જાણે એવું તો શું છે કે એક વિદ્યાર્થી પોતાની અણઆવડતો માટે કાયમ બીજાને દોષ આપતો રહે છે. છેલ્લે પોતાનાથી ન થયેલા કામ કે પોતે ન કરવા માંગતા કામનાં દોષનો ટોપલો ઢોળવા કોઈ ન મળે તો અંતે મારી તો કિસ્મત જ ખરાબ છે એવું કહીને પોતાનું મન મનાવતો રહે છે. હાથે કરીને સમય અને પ્રયત્નો કરવા માટેનો ચાન્સ બગાડવા પાછળ આ એક બહુ મોટું બહાનું મળી રહે છે. વળી આળસ અને કામ ન કરવાની પરાકાષ્ઠા તો કાયમની સમસ્યા રહેવાની જ. આજની યુવા પેઢી એક એવી પેઢી છે જેને ઊંઘ કરવી તો ખુબ ગમે છે પણ સમયસર સુઈ જવું નથી. એવી જ રીતે તેનામાં આવડત અને કયાંક જ્ઞાન પણ હોય છે, પરંતુ તેને સાચી દિશામાં ઈસ્તેમાલ કરવું કે કામ કરવું ગમતું નથી ત્યારે સ્ટીફન હોકિંગ, હેલન કેલર જેવા મહાનાયકો તેમજ ભારતીય મૂળનાં સુધાચંદ્રન, એચ રામક્રિશ્ન, અરૂણીમાં સિન્હા જેવી મહાન વ્યકિતઓને કે જેમને પોતાના અંગોમાં કોઈ તકલીફો હતી છતાં પણ તેઓએ સફળતાનાં શિખરોને સર કર્યા છે. તેમના ઉદાહરણો લઈને પ્રેરણા મેળવવી જોઈએ અને જીવનમાં નાની મોટી મુશ્કેલીઓ આવે તો હિંમત ન હારવી જોઈએ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીએ પણ વિકલાંગ વ્યકિતઓને ''દિવ્યાંગ'' તરીકે સંબોધીને ખુબ માન સન્માન આપ્યું છે અને કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકારો પણ દિવ્યાંગો માટે, તેમની મદદ કરવા વિવિધ યોજનાઓ ઘડી રહ્યા છે, તેમને સન્માન આપી રહ્યા છે. દિવ્યાંગ વ્યકિતઓ સમાજનો જ એક ભાગ છે માટે તેમને કાયમ સમાન અને સન્માનની દ્રષ્ટીએ જ જોવા જોઈએ તેમજ અન્યોની સામે વર્ણવવા જોઈએ અને માણસ જયારે સંપૂર્ણ સ્વસ્થ અને હુષ્ટપુષ્ટ જ હોય ત્યારે એણે પોતાના કાર્યો પ્રત્યે મનથી વિકલાંગ કે પાંગળું ન જ થવું જોઈએ.- મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

---

#### તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીનો વેધક પ્રશ્ન

## ૭/૧૨માં ખેડૂતોની માલિકી દર્શાવે છે તો ફાર્મર કાર્ડ શા માટે

### ખેડૂતોને અવનવી આંટીઘુંટીમાં ફસાવાયા



અમરેલી, તા. ૨

ગુજરાતમાં ભાજપના રાજમાં ખેડૂતોની અધોગતિ બેસી ગઈ છે, આજે સમગ્ર ગુજરાત રાજયમાં ખેડૂતો દેવાના ડુંગર તળે દબાઈ ગયા છે, ભાજપના રાજમાં ખેડૂતોને ખેતી કરવી ખૂબ જ મુશ્કેલ બની ગઈ છે, આજે ખેડૂતોને ખેતી કરવામાં ખર્ચ ડબલ થઈ ગયો છે. જેની સામે ખેતીની આવક અડધી થઈ ગઈ છે, ખેડૂતો મોંઘાદાટ બિયારણ, જંતુનાશક દવાઓ, ખાતર, ખેડકામ, મજૂરી ખર્ચ, વગેરે જેવા ખર્ચાઓ કરીને પાકનું ઉત્પાદન લેવામાં આવે છે, જેની સામે ખેડૂતોને પોતાના પાકના પોષણક્ષમ ભાવ પણ મળતા નથી, પરિણામે ખેડૂતોને ખેતીની આવક કરતા ખેતીના ખર્ચાઓ વધી જવાથી ગુજરાતનો ખેડૂત કર્જદાર બની ગયો છે અને ખેડૂતો દિન પ્રતિદિન ખેતી કામ છોડી રહ્યા છે, આજે ભાજપના રાજમાં ખેડૂતો ૫% થી લઈને ૨૮% સુધીનો GST સ્વરૂપે ટેકસ ભરતો થયો છે, જેની સામે ખેડૂતોને પાક વીમો, પોષણક્ષમ ભાવ, નિયમિત વીજળી, સિંચાઈ માટેનું પાણી, રોઝ-ભૂંડના ત્રાસમાંથી મુકિત, અસલી ગુણવત્તા યુકત સસ્તું બિયારણ, અસલી ગુણવત્તા યુકત સસ્તી જંતુ નાશક દવાઓ, અસલી ગુણવત્તા યુકત સસ્તું ખાતર ભાજપની સરકાર આપી શકતી નથી, અને ખેડૂતો પાસે જે કાંઈ વધ્યું છે તે પણ આ ભાજપની સરકાર છીનવી લેવા માંગે છે, સમગ્ર ભારત દેશમાં ખેડૂતોને ખાતેદાર બનાવવાનું કામ કોંગ્રેસની સરકારે કર્યુ છે, આજે ૭/૧૨માં ખેડૂતોને પોતાની ખેતીના માલિકી હક દર્શાવતા જે નામ આવે છે તે કોંગ્રેસ સરકારને આભારી છે, એટલે કે કોંગ્રેસની સરકારે ખેત મજૂરમાંથી ખેતરના માલિક બનાવવાનું કામ કર્યુ છે, જે આ ભાજપની સરકાર જોઈ ન શકતા ફરી પાછા ખેડૂતોને માલિકમાંથી ખેત મજૂર બનાવવા માટે તમામ પ્રયત્નો કરી રહ્યા છે, જો કોઈપણ ખેડૂતનું ૭/૧૨માં નામ હોય તો ખેડૂત ખાતેદાર હોવાનો તેનાથી મોટો આધાર પુરાવો શું હોઈ શકે ? જો ૭/૧૨ ખેડૂતોનો માલિકી હક્ક દર્શાવતા હોય તો ફાર્મર કાર્ડ શા માટે ? આમ ગુજરાતની ભાજપ સરકાર ફાર્મર કાર્ડની આડમાં ખેડૂતોની જમીન હડપવા માટેનું કારરસ્તા ન કરી રહી છે.

---

#### પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાની કંપની

## હરિકૃષ્ણ એકસપોર્ટને ગૌતમ અદાણીનાં હસ્તે "મોસ્ટ સોશિયલી રિસ્પોન્સિબલ કંપનીનો" એવોર્ડ અપાયો

### ધ ઇન્ડિયા જેમ્સ એન્ડ જવેલરી એવોર્ડ જેને જેમ્સ અને જવેલરી ક્ષેત્રનો ઓસ્કાર કહેવામાં આવે છે




લીલીયા, તા. ૨

તાજેતરમાં જયપુર ખાતે જેમ્સ એન્ડ જવેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ દ્વારા આયોજિત ૨૩ માં એવોર્ડ સમારંભમાં સુરતની પ્રખ્યાત હરિકૃષ્ણ એક્સપોર્ટને 'મોસ્ટ સોશિયલી રિસ્પોન્સિબલ કંપનીનો' ઈન્ડિયન જેમ્સ એન્ડ જવેલરી એવોર્ડ ૨૦૨૪ આપવામાં આવેલ. અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીના હસ્તે હરિકૃષ્ણ ગ્રુપના તુલસીભાઈ ધોળકિયા તથા બ્રિજેશ ધોળકિયાને ઓસ્કાર ઓફ જેમ્સ એન્ડ જવેલરી ઈન્ડસ્ટ્રી તરીકે ઓળખાતો એવોર્ડ અર્પિત થયેલ. પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાના માર્ગદર્શનમાં ધોળકિયા ફાઉન્ડેશન તથા હરિકૃષ્ણ એક્સપોર્ટ દ્વારા ૩.૨ મિલિયન ઉપરાંતના વૃક્ષારોપણ ૧૬૦ ઉપરાંતના તળાવનું નિર્માણ તથા કર્મચારીઓ માટે કંપની દ્વારા કરવામાં આવતી વિવિધ વેલફેર પ્રવૃત્તિઓને ધ્યાને લઈ આ બહુ પ્રતિષ્ઠિત એવોર્ડ હરિકૃષ્ણ એક્સપોર્ટને પ્રાપ્ત થયેલ. આ સમાચારથી સમગ્ર પંથકમાં હર્ષની લાગણી જોવા મળેલ તેમ મનોજ જોશીની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

#### સરપંચે રૂબરૂ મુલાકાત લીધી

## ધારીનાં પાણીયા દેવ ગામનાં વિવિધ પ્રશ્નો અંગે મુખ્યમંત્રીને રજૂઆત

### મુખ્યમંત્રીએ યોગ્ય કરવા ખાત્રી આપી

ધારી, તા. ૨

ધારી તાલુકાના પાણીયા દેવ ગામના સરપંચ ચંપુભાઈ વાળાએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને ગામથી કેરાળા જે ત્રણ કીમી થાય છે. તેમજ પાણીયા દેવથી બોડકાનો ગાડા માર્ગ છે જે ત્રણ માર્ગોની પાકા ડામરથી મઢવા માંગણી કરી છે.

તેમજ પાણીયા દેવથી ચલાલા ૩ કી.મીનો જે હૈયાત રોડ છે. તે રોડ સાંકડો હોવાથી અવાર - નવાર ખુબ અકસ્માત થાય છે. માટે આ રસ્તો મોટો પહોળાઈ વધારવાની માંગણી કરી છે. અને પાણીયા દેવ ગામ નંદી કાઠે આવેલ છે. તો અવારનવાર અતિવૃષ્ટિ ભારે વરસાદ થાય છે. ત્યારે ખેતરોનું મોટા પાયામાં ધોવાણ નુકસાન થાય છે. માટે નદી કાંઠે ખેતરોને રક્ષણ પાળા બાંધવા માંગણી કરી છે.

# દિલીપ સંઘાણીનું ગ્લોબલ અધિવેશનનાં સફળ આયોજન બદલ સન્માન થયું






સંયુકત રાષ્ટ્ર દ્વારા આગામી વર્ષ–૨૦૨૫ ને "રાષ્ટ્રિય–આંતરરાષ્ટ્રિય સહકારી વર્ષ" તરીકે ઘોષિત કરવા સાથે ભારત મંડપમ્ – ન્યુ દિલ્હી ખાતે દેશના જનપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આઈ.સી.એ. ગ્લોબલ કોન્ફરન્સનો પ્રારંભ કરવામા આવેલ જેમા ગૃહ–સહકાર મંત્રી અમીતભાઈ શાહ, ભુતાનના વડાપ્રધાન એચ.ઈ. દાસો શેરીંગ ટોબગે, ફિજીના નાયબ વડાપ્રધાન એચ.ઈ.માનો કામીકામીકા, આઈ.સી.એ.ના પ્રમુખ એરીયલ ગ્વારકો, આઈસીએના ડાયરેકટર જનરલ જેરોન ડગ્લાસ, આઈસીએએપી ના અધ્યક્ષ ડો. ચંદ્રપાલસિંહ, નાફસ્કોબના અધ્યક્ષ રવિન્દ્ર રાવ, નાફસ્કોબના સી.ઈ.ઓ. ભીમા સુબ્રમણ્યમ્ સહિત વિશ્વના ૧૦૭ દેશના સહકારી આગેવાનો ઉપસ્થિત રહયા હતા. ૧૩૨ વર્ષ પહેલા સ્થાપીત આઈ.સી.એ.ની ઈન્ટરનેશનલ કોન્ફરન્સ આઝાદી પછી સૌ પ્રથમવાર યોજવામાં આવેલ. જેમાં પશુપાલન, ટેકનોલોજી, બિજ ઉત્પાદન, કૃષિ, અધ્યતન ટેકનોલોજીના માધ્યમથી કો ઓપરેટીવ દ્વારા સહકારથી સમૃધ્ધીનું સ્વપ્ન સાકાર કરવા કોન્ફરન્સનું સુંદર આયોજન વિશ્વની સૌથી મોટી કો–ઓપરેટીવ સંસ્થા ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી દ્વારા સફળતાપુર્વક પુર્ણ કરવા બદલ અમરેલી ખાતે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયાની અધ્યક્ષતામાં ટીમ સહકાર દ્વારા સાલ–સોગાત અર્પણ કરી મો મીઠા કરી અભિવાદન કરવામાં આવેલ હતુ. ટીમ સહકારના અશ્વિનભાઈ સાવલીયા, જેન્તીભાઈ પાનસુરીયા, અરૂણભાઈ પટેલ, ડો. આર.એસ. પટેલ, વી.ડી. નાકરાણી, પ્રવિણભાઈ માંગરોળીયા સહિતના મહાનુભાવો આ તકે ઉપસ્થિત રહયા હતા તેમ અખબારી યાદીમાં જણાવાયેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું ભાઈ અન્યની પરિણીતાને

રહેતા જીલાભાઈ અમશીભાઈ ચારોલા તથા રોહીતભાઈ જીલાભાઈ ચારોલા નામનાં આરોપીઓ જઈ યુવકને કહેલ કે તારો ભાઈ પ્રેમજી મારી પત્નિને ભગાડી લઈ ગયેલ છે અને તે અહી આવેલ છે. તેમ કહી આરોપીઓએ યુવક તથા તેમના પરિવારને જેમફાવે તેમ ગાળો આપી છરી કાઢી યુવકને માથાના પાછળના ભાગે મારી દઈ ગંભીર ઈજા કરી તેમજ હંસાબેન ભરતભાઈ વાઘેલાને ત્યાં પડેલ લોખંડની પાઈપ પીઠના ભાગે તથા કમરના ભાગે મારી દેતા મુંઢ ઈજા કરી તેમજ જેતુભાઈ વાઘેલાને લોખંડની પાઈપ વડે એક ઘા જમણા હાથે પોચા ઉપર મારી મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાયેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું ખોડિયાણા ગામનાં વ્યકિતએ

સાવરકુંડલા ખાતે ક્રિમિ. અપીલ નં. ૪૧/૨૦૨૩ અને ક્રિમિ. અપીલ નં. ૦૩/૨૦૨૪ ના કેસના અપીલ કર્તા/મુળ ફરિયાદી મનસુખભાઈ નાનુભાઈ વાઘમશીને તેના વકીલ બાબતે કોર્ટ ધ્વારા પુછતા તેમણે જણાવેલ કે, મારી પાસે વકીલ રોકવા માટે પૈસા નથી અને મને ન્યાય જોઈએ છે. આ વિષયમાં આ કોર્ટ ધ્વારા કોર્ટના આસીસ્ટન્ટ જે.વી. બુધેલા કે જેવો લીગલ એઈડનું કામ સંભાળે છે તેઓને બોલાવી લીગલ એઈડ ઓથોરિટી એકટની બુક માંગણી કરેલ હતી. જેથી એ ખ્યાલ આવી શકે કે અપીલ કર્તા મુળ ફરિયાદીને ડી.એલ.એસ.એ. માંથી વકીલની સેવા આપી શકાય કે નહીં? આ દરમિયાન મનસુખભાઈએ કોર્ટ રૂમની અંદર આત્મહત્યા કરવાની ધમકી આપી તેમણે પોતાના ખિસ્સામાંથી એક બોટલ કાઢી તેમાં ભરેલ ઝેરી દવા પી જતાં તેમને ઝેરી અસર થતાં સારવાર માટે દવાખાને ખસેડાયેલ જયાં આજે તેમનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

આ બનાવમાં મૃતકના પરિવારે આ બનાવમાં એક જિલ્લા પંચાયતના સદસ્ય સહિતના પાંચ જેટલાં લોકોએ મૃતકને ધમકી આપતા મૃતકે આ પગલું ભરેલ હોય. જેથી જિલ્લા પંચાયતના સદસ્ય સહિતના પાંચ સામે ગુન્હો દાખલ કરવાની માંગણી કરી પરિવારજનોએ મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૧ | ૧૪૬૮ |
| ૨ | મગફળી | ૯૯૬ | ૧૧૩૯ |
| ૩ | જુવાર પીળી | ૩૦૦ | ૩૦૦ |
| ૪ | સોયાબીન | ૬૦૦ | ૭૯૨ |
| ૫ | ધાણા | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ૬ | અડદ | ૧૧૭૦ | ૧૧૭૦ |
| ૭ | ઘઉં | ૫૮૧ | ૫૮૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૫ | ૧૫૦૧ |
| ૨ | મગફળી | ૮૫૦ | ૧૧૭૭ |
| ૩ | ઘઉં | ૫૭૩ | ૬૦૦ |
| ૪ | ચણા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૫ | ધાણા | ૧૨૯૧ | ૧૨૯૧ |
| ૬ | અડદ | ૮૧૧ | ૧૩૬૦ |
| ૭ | સોયાબીન | ૭૯૩ | ૮૧૨ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૩૫ | ૧૦૯૦ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૦૫૩ | ૧૩૦૧ |
| ૩ | શિંગ મોટી | ૮૦૦ | ૧૨૪૩ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૧૦ | ૧૨૭૬ |
| ૫ | તલ સફેદ | ૧૬૭૦ | ૨૭૮૦ |
| ૬ | તલ કાળા | ૩૩૭૦ | ૪૪૭૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૨૭૭ | ૩૨૭૭ |
| ૮ | બાજરો | ૪૩૬ | ૫૭૪ |
| ૯ | જુવાર | ૫૧૦ | ૮૫૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૬૦ | ૭૦૮ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૬૫ | ૬૪૮ |
| ૧૨ | અડદ | ૮૯૫ | ૧૪૦૦ |
| ૧૩ | ચણા | ૮૫૧ | ૧૪૫૫ |
| ૧૪ | કપાસ | ૯૧૦ | ૧૪૮૭ |
| ૧૫ | એરંડા | ૧૦૯૦ | ૧૨૩૫ |
| ૧૬ | જીરૂ | ૨૫૨૫ | ૪૫૩૫ |
| ૧૭ | ગમ ગુવાર | ૮૬૨ | ૮૬૨ |
| ૧૮ | ધાણા | ૧૦૬૦ | ૧૩૪૦ |
| ૧૯ | અજમા | ૨૦૦૦ | ૨૪૭૦ |
| ૨૦ | સોયાબીન | ૬૫૦ | ૮૩૩ |
| ૨૧ | રજકા બી | ૪૫૦૦ | ૫૩૫૦ |
| ૨૨ | મરચા લાંબા | ૬૦૦ | ૨૬૬૦ |

## પાના ૧ ઉપરનું ચાલું ''કર્તવ્યમ'' કાર્યાલય ખાતે

કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. બે દિવસીય કેમ્પને ભવ્ય પ્રતિસાદ સાપડયો હતો. નાગરિકોને ઘરઆંગણે મળેલી સુવિધાનો લાભ ૧૨૦૦થી વધુ લાભાર્થીઓએ મેળવ્યો હતો અને રાજીપો વ્યકત કર્યો હતો.

આ અંગે તેઓએ એક યાદીમાં જણાવ્યું હતું કે, અમરેલી શહેરનાં નાગરિકો અને વિધાનસભા મત વિસ્તારના નાગરિકોની રજૂઆતોને ધ્યાને લેતા આગામી દિવસોમાં અમરેલી શહેરનાં તમામ વોર્ડમાં અને અમરેલી–વડિયા–કુંકાવાવ વિધાનસભા મત વિસ્તારના તમામ ગામમાં આ પ્રકારના કેમ્પ યોજી નાગરિકોને રાજય સરકારની સેવાનો લાભ આપવા માટે અમે માધ્યમ બનીશું.

કેમ્પનું સફળ આયોજન કરવા બદલ અમરેલી નગરના નાગરિકોએ ધારાસભ્યને હૃદયથી ઋણ સ્વીકાર કર્યો હતો.

આ અંગે તંત્ર સાથે જરૂરી સંકલન સાધી અને અમરેલી શહેર તેમજ અમરેલી–વડિયા–કુંકાવાવના નાગરિકો ગામે ગામ કેમ્પની સંભવિત તારીખો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

## પાના ૮ ઉપરનું ચાલું ધારીની ગ્રામ પંચાયતનું

નજીક આંબરડી સફારી પાર્ક તથા પ્રાચીન ગળધરા ખોડીયાર માતા મંદિર તથા ખોડિયાર જળાશયથી ૮ કિલોમીટરના વિસ્તારમાં વસેલું ગામ છે. એટલું જ નહિં, ધારીમાં ગીર પૂર્વ અભયારણ્ય અને જંગલ વિસ્તાર આવેલા હોઈ મોટી સંખ્યામાં વર્ષ દરમિયાન પ્રવાસીઓ આવતા રહે છે.

આ આંબરડી સફારી પાર્ક અને ગીર પૂર્વ અભયારણ્ય વિસ્તારમાં આવનારા પ્રવાસીઓને વધુ સુવિધાઓ મળી રહે તેમજ સ્થાનિક લોકોને રોજગારી સાથે આર્થિક, સામાજિક જીવનમાં પણ ઉન્નતિ થાય તેવા પ્રવાસન વિકાસના ધ્યેય સાથે ધારીને નગરપાલિકાનો દરજ્જો આપવાનો મુખ્યમંત્રીએ નિર્ણય કર્યો છે.

ધારી તાલુકાના ૨૫ જેટલા ગામો જંગલ વિસ્તારના હોવાથી કયારેક જંગલની આગના બનાવો બને તેવા સમયે ફાયર ફાઈટર અને અગ્નિશમન સેવાઓ પણ આ નગર પાલિકા દ્વારા સરળતાએ સમયસર મળે તેવો આશય પણ નગરપાલિકાની રચનામાં રહેલો છે.

ધારીને નગરપાલિકાનો દરજજો મળતા આ વિસ્તારનો ધારીને નગરપાલિકાનો દરજજો મળતા આ વિસ્તારનો સર્વગ્રાહી વિકાસ થશે અને પ્રવાસનને વેગ મળશે તેમજ નગરપાલિકાની નાગરિકલક્ષી સુવિધા મળવાથી લોકોને મળતી સગવડતામાં પણ વૃદ્ધિ થશે.

આ ધારી નગરપાલિકા રાજયની ૧૬૦મી નગરપાલિકા બનશે. જયારે અમરેલી જિલ્લામાં વધુ એક નગરપાલિકા ધારી નગરપાલિકાનો ઉમેરો થશે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૪૮ | ૧૪૯૧ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૭૫૦ | ૭૫૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૧૦ | ૧૫૧૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૮૦ | ૧૩૫૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૧૪૨ | ૧૧૮૮ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૪૨ | ૧૦૭૮ |
| ૫ | અડદ | ૧૧૪૦ | ૧૫૫૦ |
| ૬ | ઘઉં | ૫૧૫ | ૫૮૫ |
| ૭ | તલ સફેદ | ૧૯૭૫ | ૨૪૨૫ |
| ૮ | તલ કાળા | ૩૨૩૦ | ૩૮૦૦ |
| ૯ | જીરૂ | ૩૯૪૯ | ૪૭૫૧ |
| ૧૦ | સોયાબીન | ૭૭૫ | ૮૦૫ |
| ૧૧ | ચણા | ૧૧૫૦ | ૧૨૯૦ |
| ૧૨ | બાજરો | ૪૦૫ | ૪૫૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૦૧ | ૧૧૫૫ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૩૧ |
| ૩ | તલ સફેદ | ૧૯૨૬ | ૨૫૨૭ |
| ૪ | તલ કાળા | ૩૨૭૫ | ૪૦૦૦ |
| ૫ | જીરૂ | ૪૩૫૫ | – |
| ૬ | કપાસ | ૧૩૧૫ | ૧૪૮૫ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૬૯૩ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૧ | ૬૫૦ |
| ૯ | બાજરો | ૪૨૨ | ૬૨૭ |
| ૧૦ | જુવાર | ૬૦૦ | ૭૮૪ |
| ૧૧ | અડદ | ૧૧૫૦ | ૧૪૪૫ |
| ૧૨ | ચણા | ૧૦૭૫ | ૧૩૭૫ |
| ૧૩ | મેથી | ૧૦૪૫ | – |
| ૧૪ | તુવેર | ૧૫૭૦ | ૧૬૫૦ |
| ૧૫ | સોયાબીન | ૭૮૯ | ૮૨૭ |

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં વહીવટીતંત્રને આત્મવિલોપનની

સમયે આત્માવિલોપન કરવાની ચીમકી આપવામાં આવી હતી. જેના પગલે જિલ્લાનું વહીવટીતંત્ર દોડતું થઈ ગયું હતું. કલેકટરના આદેશના પગલે કચેરી પાસે ફાયર ફાઈટર, પોલીસ સ્ટાફ, એમ્બ્યુલન્સ સહિતના બચાવવાના સાધનો અને કર્મચારીઓ પણ તૈનાત કરી દેવામાં આવ્યા હતા. આ પછી પરિવારના લોકો ઘટના સ્થળ પહોંચ્યા હતા અને તેમની સાથે આવેલા અનુ.જાતિ સમાજના આગેવાનો સાથે કલેકટર દ્વારા પોતાની કચેરીમાં બોલાવીને ચર્ચા કરવામાં આવી હતી અને ૧૦ દિવસમાં સમસ્યાનો ઉકેલ લાવવા માટે ખાતરી આપવામાં આવી છે. જે બાદ આ પરિવાર દ્વારા સામગ્રી રીતે આત્મવિલોપન કરવાનો કાર્યક્રમ હાલ પૂરતો મૌકુફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ પછી તંત્ર અને અધિકારીઓએ પણ રાહતનો ાસ લીધો હતો.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં સેન્ટર પોઈન્ટ નજીક

વાગ્યાના સમય દરમ્યાન અમરેલી સેન્ટર પોઈન્ટ પાસે પોતાની દુકાને હાજર હતા. ત્યારે આરોપી ચિરાગભાઈ ચૌધરી આ દુકાને આવેલ હતાં અને દુકાનની બહાર રાખેલ બેસવાનું ટેબલ લઈને જતા હતા. જેથી વેપારીએ કહેલ કે એ ભાઈ અમારૂ ટેબલ શું કામ લઈ જાવ છો ? જેથી આરોપીને સારૂ નહી લાગતા એકદમ ઉશ્કેરાઈ જઈ વેપારીને ગાળો આપી તું મને ઓળખતો નથી હું તારી દુકાન બંધ કરાવી દઈશ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાદમાં થોડીવાર પછી આરોપી તથા બે મહિલા સાથે એક સફેદ કલરની ટેકસી પાસીંગની કાર નં. જી.જે.–૧૪ ઝેડ–૨૫૨૭ લઈ દુકાને આવી વેપારીને જેમફાવે તેમ ગાળો આપી વેપારીને ઢીકાપાટુનો માર મારી હવે પછી તું ચિરાગને ટેબલ લઈ જવાની ના કહેતો નહી નહીતર તારા પર એટ્રોસીટીની ફરિયાદ કરીશું તેવી ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાયેલ છે.

## ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર એડવોકેટ **દિવ્યેશ કે.રાદડિયા,** રહે : – બાબરા – અમારા અસીલ જમીન ખરીદનાર **હિરપરા મનસુખભાઈ બાવકુભાઈ,** રહે:– ગરણી, તા.બાબરા, જી.અમરેલીવાળાની સુચના અને ફરમાઈસ મુજબ લાગતા વળગતાને જાણ થાય છે કે,

અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે **ગરણી** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડ ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન અમારા અસીલ **હિરપરા મનસુખભાઈ બાવકુભાઈ** ખરીદ કરવા માંગે છે.

જમીનની વિગત:–

| ક્રમ | નામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | દેવગણીયા લાલજીભાઈ છગનભાઈ | ૩૨૭ | ૮૮ પૈકી ૯ | ૦–૮૦–૯૪ |

સબબ ઉપરોકત વિગત વર્ણનવાળી ખેતીની ખેડવાણ જમીન સંબંધે તેના વેચાણ સંબંધે કે તેના કબજા સંબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ – ભાગ, હકક–હિસ્સો, બક્ષિસ, અગ્રહકક, વારસાઈ હકક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંકે સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે દિવસ–૦૭ (સાત) માં જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી અને હોય તો જતો વેવ કરેલ છે તેમ સમજી અમો પાકકો રજીસ્ટ્રર વેચાણ દસ્તાવેજ ખરીદનાર **હિરપરા મનસુખભાઈ બાવકુભાઈ**ના નામે કરાવી આપીશુ. ત્યાર બાદ જો કોઈના વાંધા કે તકરાર અમારા અસીલના હકક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ :– બાબરા
તા :– ૦૨–૧૨–૨૦૨૪

**અમારા અસીલ**
**શ્રી હિરપરા મનસુખભાઈ બાવકુભાઈની સુચનાથી**

ADV. DIVYESH K. RADADIYA
REG. NO. G/724/2019
GUJARAT HIGH COURT

**દિવ્યેશ કે રાઘડીયા**
એડવોકેટ (B.Com.LL.B)
(ગુજરાત હાઈકોર્ટ) મુ.બાબરા,જિ.અમરેલી
Mo.87803 97092

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૧૮ |
| ૨ | ઘઉં લોકવન | ૫૨૬ | ૫૮૬ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૬૧ | ૫૭૦ |
| ૪ | જુવાર | ૭૭૦ | ૭૭૦ |
| ૫ | સોયાબીન | ૬૨૦ | ૮૧૫ |
| ૬ | મગફળી | ૫૫૦ | ૧૦૨૧ |
| ૭ | ચણા | ૧૦૦૦ | ૧૩૦૫ |
| ૮ | તલ સફેદ | ૧૫૨૦ | ૨૧૫૫ |
| ૯ | ધાણા | ૧૧૭૦ | ૧૩૯૫ |
| ૧૦ | ચણા છોલે | ૧૧૨૫ | ૨૪૦૫ |
| ૧૧ | શીંગદાણા | ૧૧૯૦ | ૧૧૯૦ |
| ૧૨ | મગ | ૧૪૮૨ | ૧૪૮૨ |
| ૧૩ | અડદ | ૧૧૧૫ | ૧૨૫૦ |
| ૧૪ | મકાઈ | ૬૦૧ | ૬૧૧ |
| ૧૫ | એરંડી | ૧૧૧૫ | ૧૧૧૫ |
| ૧૬ | રજકાબી | ૫૩૦૦ | ૫૩૦૦ |
| ૧૭ | તુવેર | ૧૪૨૫ | ૧૪૨૫ |
| ૧૮ | જીરૂ | ૪૨૦૦ | ૪૨૦૦ |
| ૧૯ | લસણ | ૨૭૧૦ | ૨૭૧૦ |

## મોરંગી શાળાના મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલક કમ કુકની આવશ્યકતા

અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મોરંગી ગામની પ્રાથમિક શાળા મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલક કમ કુકની આવશ્યકતા હોય પાત્રતા ધરાવતા ઉમેદવારોએ અરજી કરવી.

રાજુલા તાલુકા મામલતદાર કચેરી રજિસ્ટ્રી શાખામાંથી નિયત નમૂનાનું જરૂરી અરજીપત્રક મેળવી તે તા.૦૭ ડિસેમ્બર, ૨૪ના બપોરે ૨ વાગ્યા સુધીમાં રજૂ કરવું. આ અંગેની વધુ વિગતો માટે રાજુલા તાલુકા મામલતદાર કચેરી, પી.એમ.પોષણ મધ્યાહન ભોજન શાખાનો સંપર્ક કરવો, તેમ રાજુલા તાલુકા મામલતદારએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

## પાના ૧ ઉપરનું ચાલું સસરાને આજીવન કેદની સજા

આરોપી સસરાએ પરિણીતા ઉપર શંકા વહેમ કરી કોઈપણ કારણોસર પોતાના ઘરે પડેલ છરી લઈ પરિણીતા ઉપર હુમલો કરી તેણીના ગળાના ભાગે ગંભીર જીવલેણ ઈજા પહોંચાડી મોત નીપજાવી દીધેલ હતું. આ અંગેનો કેસ અત્રેની સેશન્સ કોર્ટમાં ચાલી જતાં આ બનાવના આરોપીને ઈ.પી.કો. કલમ ૩૦૨ મુજબના ગુના માટે આજીવન કેદની સજા અને રૂા.૫ લાખનો દંડ અને દંડ ન ભરે તો વધુ એક વર્ષની સાદી કેદની સજા કરવાનો હુકમ કરેલ હતો.

આ બનાવમાં રાંઢીયા ગામે રહેતી હાલીમાબેન સીકંદરભાઈ સલીમભાઈ પઠાણ નામની પરિણીતા ગત તા. ૮–૬–૨૩ના રોજ સવારે ૮–૩૦ના સમયે તેણી પોતાના ઘરે એકલી હાજર હતી અને તેણીના પતિ સીકંદરભાઈ પઠાણ અમરેલી કામ અર્થે ગયેલ હોય ત્યારે ત્યારે આરોપી સુભાનભાઈ અલીભાઈ પઠાણ તેણીના સસરા થતા હોય આરોપી સુભાનભાઈએ પરિણીતા ઘરે એકલી હોવાનો ફાયદો ઉઠાવી તેની સાથે ગંદુ કામ કરવાની કોશીશ કરેલ હોય, અને પરિણીતાએ તેનો વિરોધ કરેલ જેથી આરોપીએ પરિણીતા ઉપર શંકા વહેમ કરી કોઈપણ કારણોસર પોતાના ઘરે પડેલ છરી લઈ પરિણીતા ઉપર હુમલો કરી તેણીના ગળાના ભાગે ગંભીર જીવલેણ ઈજા પહોંચાડી મોત નીપજાવી દીધેલ હતું. આ અંગે જે તે સમયે યાસીનશા બફાલીશા લાલશા પઠાણ (રહે જસવંતગઢ) બાળે આરોપી સુભાન સામે ૩૦૨, ૧૩૫ મુજબ પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી.

આ અંગેનો કેસ અત્રેની સેશન્સ કોર્ટમાં ચાલી જતાં કોર્ટે બંને પક્ષની દલીલો સંભાળી પુરાવાના આધારે તથા સરકારી વકીલ જે.બી.રાજગોરની ધારદાર દલીલોને માન્ય રાખી તથા મહિલાઓ ઉપર જે શારીરીક, માનસિક અને જાતીય હિંસાઓના બનાવો બને છે. તેમાં ઘરની ચાર દિવાલો વચ્ચે પણ સ્ત્રીની સલામતી રહેલ નથી. તેવા સંજોગોમાં આરોપીના આ કૃત્યને સહેજ પણ હળવાશથી લેવામાં આવે તો સમાજમાં ઘેરી અસર પડે અને તેથી ન્યાયના હિતમાં સેશન્સ જજ શ્રી રિઝવાના બુખારીએ ક્રિ. પ્રો. કોડની કલમ ૨૩૫(૨) અન્વયે આરોપી સુભાનભાઈ અલીભાઈ પઠાણને ઈ.પી.કો. કલમ ૩૦૨ મુજબના ગુના માટે આજીવન કેદની સજા અને રૂા.૫,૦૦,૦૦૦ નો દંડ અને દંડ ન ભરે તો વધુ એક વર્ષની સાદી કેદની સજા કરવાનો હુકમ કરેલ હતો.

## એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

અપીલ રજી.નં. ૧૧૪/૨૦૨૪

અરજદાર : (૧) શ્રી મનહરભાઈ નાનજીભાઈ કારેલીયા
રહે. જશવંતગઢ, તા.જી.અમરેલી

**વિરૂધ્ધ**

સમાવાળા : જન્મ – મરણ નોંધણી અધિકારી
–વ–
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.ચિતલ, તા. જી. અમરેલી

**–: જાહેર નોટીસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના જશવંતગઢ ગામના મનહરભાઈ નાનજીભાઈ કારેલીયા તેઓના નાનાભાઈ નવનીતરાય નાનજીભાઈ કારેલીયાની જન્મ તા. ૧૬/૦૨/૧૯૬૩ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાક હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૮/૧૧/૨૪ના રોજ મારી સહી તથા સીકકો કરીને આપ્યા.

**એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૨૫ | ૧૧૨૯ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૭૦૦ |
| ૩ | તલ કાળા | ૧૮૦૦ | ૪૦૪૦ |
| ૪ | કપાસ | ૧૩૦૦ | ૧૪૬૫ |
| ૫ | બાજરો | ૫૧૦ | ૬૨૮ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૩૦ | ૭૦૦ |
| ૭ | જુવાર | ૬૦૦ | ૮૭૦ |
| ૮ | મગ | ૧૧૦૩ | ૨૩૭૫ |
| ૯ | મઠ | ૧૧૦૩ | ૧૪૦૦ |
| ૧૦ | અડદ | ૯૫૦ | ૧૫૦૧ |
| ૧૧ | ચણા | ૧૧૪૦ | ૧૨૨૫ |
| ૧૨ | સોયાબીન | ૭૭૭ | ૮૧૧ |

## રાજકોટમાં રામ વનવાસથી શરૂ થયેલી કથા રામ રાજયાભિષેક સુધી પ્રવાહિત થઈ

# હવે વૃધ્ધોપનિષદ અને વૃક્ષોપનિષદ રચાવા લાગ્યા છે : પૂ.મોરારિબાપુ

**સો હાથે ભલે કમાવ પણ વૃધ્ધો-વૃક્ષા માટે હજાર હાથે દાન આપવું જોઈએ**

**દેશ-વિદેશમાં થી સમાચાર મળે છે કે કથા સાંભળીને અનેક વ્યકિતઓ વૃક્ષારોપણ કરે છે**

**હરિનામ, સુર્ય,ગાયનું દુધ, બુદ્ધ પુરૂષોનો સંગ, વૃધ્ધ અને વૃક્ષને ઔષધિ ગણાવ્યા**

**ઘરમાં બાળકો માતા-પિતા અને દાદા-દાદી રહેતા હોય ત્યારે ત્રણેય આશ્રમની સ્થાપના આપોઆપ થાય**



રાજકોટ, તા.૨

માનસ સદભાવનાં રામકથાનાં નવમાં દિવસે પૂ. મોરારિબાપુએ પોતાનો નમ્રમત વ્યકત કરતા કહ્યું કે હવે વૃદ્ધોપનિષદ અને વૃક્ષોપનિષદ રચાવાનાં શરૂ થઈ ગયા છે. તેમણે કહયું કે મને દેશ વિદેશમાંથી સમાચાર મળી રહયા છે કે આ કથા સાંભળીને અનેક લોકો વૃક્ષારોપણ કરવા લાગ્યા છે. આજે અંતિમ દિવસે આપની પાસે એક જ દક્ષિણા માંગું છું કે સૌ પાંચ વૃક્ષો તો વાવજો જ.

પૂ. મોરારિબાપુએ પોતાને આફ્રિકાથી મળેલા કચ્છનાં એક યુવાનનો સંદેશ વાંચી સાંભળાવતા કહયું કે આ છોકરાએ પોતાના મિત્રો સોથ મળીને આફ્રિકામાં ૫૦ વૃક્ષો વાવ્યા તો લંડનથી મળેલા એક ફલાવરનાં સંદેશ મુજબ ત્યાં કેટલાય પરિવારો ૫-૫ વૃક્ષો વાવી રહયા છે.

પૂ. મોરારિબાપુએ આગળ ધપાવેલી રામકથામાં ભગવાન રામનાં વૈભવ અંગે વાત કરી સમૃદ્ધિ કયાંકને કયાંક દુ:ખનું બીજારોપણ કરે છે. એવું જણાવ્યું બાદમાં કૈકયીનું વચન પાળવા રામે સ્વીકારેલો વનવાસ, ભરતને રાજગાદી બાદ ભરતનું નંદીગ્રામમાં પ્રયાણ, કૌશલ્યાનો વિલાપ, મારીચ સાથે મળીને રાવણે કરાવેલું સીતાનું હરણ, જટાયુની શહીદી, શબરીના આશ્રમે રામનું આગમન, નારદજી સાથે રામનું મિલન, હનુમાનનો લંકા પ્રવેશ, લંકા દહન, સેતુ બંધ અને રામેશ્વરની સ્થાપનાથી લઈ રાવણને મોક્ષ, વિભિષણને રાજ અને રામનું અયોધ્યા આગમન અને રાજયાભિષેક સુધીની કથા ભાવથી વર્ણવી હતી. પૂ.મોરારિબાપુએ આજે સાત પ્રકારની ઔષધિનો ઉલ્લેખ કર્યો જેમાં ગ્રંથો, ગ્રંથોમાં રહેલું હરીનામ, સુર્ય, ગાયનું દૂધ, બુદ્ધ પુરૂષોનો સંગ, વૃદ્ધ અને વૃક્ષને ઔષધિ ગણાવ્યા. તેમણે દરેક ઘરમાં ત્રણ ત્રણ આશ્રમો હોવાનું જણાવ્યું. તેમણે કહયું કે ઘરમાં બાળકો, માતા-પિતા અને દાદા-દાદી રહેતા હોય ત્યારે ત્રણ આશ્રમોની સ્થાપના આપો આપ થઈ જાય છે. અને આવા ઘરે જયારે સન્યાસી ભિક્ષા માટે આવે છે. ત્યારે ચોથો આશ્રમ પણ સર્જાય છે.પૂ. મોરારિબાપુએ અંતે જણાવ્યું કે અહી સંવાદનું સમાપન નથી થતું પણ નિરંતર સંવાદ ચાલુ રહે એ માટે આપણે સંવાદને અલ્પવિરામ આપીએ છીએ. તેમણે આ કથા વૃદ્ધો અને વૃક્ષોને અર્પણ કરી હતી.માનસ સદભાવનાં રામકથાનાં ૯ માં દિવસે આજે વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનના પૂ. શ્રી વ્રજરાજ કુમાર મહોદય તથા પરમાર્થ નિકેતન આશ્રમ, ૠષિકેશના પ.પૂ.સ્વામી શ્રી ચિદાનંદ સરસ્વતીજી પધાર્યા હતા. બંનેએ સદભાવનાની વૃદ્ધો અને વૃક્ષોની સેવા માટે બીડું ઝડપ્યું છે. અને અભિનંદન આપ્યા હતા અને આપણે સૌ આ પ્રવૃતિમાં જોડાઈ જઈએ તેવી હાંકલ કરી હતી.

પ્રારંભે પ.પૂ.(ડો.) પરમાત્માનંદ સરસ્વતીજીએ બંને સંતોનો પરિચય આપ્યો હતો બાદમાં વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનના પૂ.શ્રીવ્રજરાજકુમાર મહોદયશ્રીએ જણાવ્યું કે, પૂ.મોરારિબાપુ આ ઉંમરે પણ આપણને કથા શ્રવણનો લાભ આપે છે એ આપણાં માટે લ્હાવો છે. વ્યાસપીઠ હંમેશા લોકોને સન્માર્ગે વાળવાની શીખ આપતી હોય છે. પૂ. બાપુ વૃક્ષો અને વૃદ્ધો માટે કથા કરી રહયા છે. એ બહુ મોટી વાત છે કેમ કે સ્કંદ પુરાણામાં એવો ઉલ્લેખ છે કે જે લોકો પીપળો, લીમડો, વડલો, આંબો વાવે છે તેમને કયારેય નર્ક મળતું નથી માટે આપણે સૌ આ વૃક્ષો વાવીએ અને ઉછેરીએ.

તેમણે એમ પણ કહયું કે સદભાવનાં વૃદ્ધાશ્રમ માનવતાનું કાર્ય કરે છે અને માનવતાનાં કાર્યમાં સહયોગ કરનારને કુદરત વ્યાજ સાથે પાછું આપી દે છે. તેમણે પૂ.બાપુને માનસ કૃષ્ણ કથા કરવા માટે પણ વિનય કર્યો. ઉલ્લેખનીય છે કે તેઓ રાજકોટ નજીક સંસ્કાર ધામનું નિર્માણ કરી રહયા છે અને વિશ્વનાં ૫ કરોડ વૈષ્ણવોને એકત્ર કરવાનું મહા અભિમાન કરી રહયા છે. પૂ.શ્રીવ્રજરાજ કુમાર મહોદય તરફથી સદભાવનાં વૃદ્ધાશ્રમને ૨.૫ લાખ રૂપિયાનું અનુદાન પ્રસાદ તરીકે પ્રાપ્ત થયું છે. આ તકે પરમાર્થ નિકેતન આશ્રમ, ૠષિકેશનાં પ.પૂ. સ્વામી શ્રી ચિદાનંદ સરસ્વતીજીએ પોતાનાં ઉદબોધનમાં જણાવ્યું કે ગુજરાતીઓ વિશ્વ ભરમાં સથાયો થયા છે. ગુજરાતની પાવન ધરતી એટલે કે શકિત, ભકિત, સેવા અને સમર્પણની ધરતી, પૂ.મોરારિબાપુ વર્ષોથી સનાતન ધર્મની ધજા ફરકાવી રહયા છે. સનાતન સંસ્કાર માટે, સંસ્કૃતિ માટે બહુ જરૂરી છે. આજે વિચારોનું સંકટ વ્યાપેલું છે. ત્યારે રામકથાની બહુ જરૂર છે.તેમણે વધુમાં જણાવ્યું કે આપણે ઘણુંબધુ ગુમાવી દીધું છે પણ એની ચર્ચા કરવાને બદલે ઘણું બચ્યું છે. એના પર ધ્યાન આપીએ અને સદભાવનાં વૃદ્ધાશ્રમ વૃક્ષો અને વૃદ્ધો માટે જે અભિમાન ચલાવે છે તેને સંપુર્ણ સહયોગ કરીએ કેમ કે આપણે ગુજરાન ચલાવવા માટે કમાવું જરૂરી છે તો સો હાથે કમાવ પણ વૃદ્ધો અને વૃક્ષો જેવી સદ પ્રવૃતિ માટે હજાર હાથે દાન કરો. તેમણે સદભાવનાના ધુરાવાહકો વિજયભાઈ ડોબરિયા, મિતલ ખેતાણી વગેરેને કોટિ કોટિ અભિનંદન આપ્યા હતા.તેમણે વિશ્વની અન્ય સંસ્કૃતિમાં માત્ર 'માય વે અથવા નો વે'ની ભાવનાં વ્યાપેલી છે. જયારે ભારતીય સંસ્કૃતિમાં અન્યનું કલ્યાણ કરવાની ભાવના સમાયેલી છે. જે ભાવનાને સદભાવનાં વૃદ્ધાશ્રમ ચરિતાર્થ કરે છે. આજે દ્વારકાના સંત કેશવાનંદજી મહારાજ પણ ઉપસ્થિત રહયા હતા.

આજે પણ લાખો લોકોએ કથાનું શ્રવણ કર્યુ અને હજારો લોકોએ પ્રસાદનો લાભ લીધો હતો.

### મહુવા પંથકનાં ૨ ઈસમોનું કારસ્તાન

## ધારીનાં વેકરીયાપરામાં રહેતા યુવકનો ટ્રક ખરીદી નાણા દેવામાં ઠાગાઠૈયા

**રૂપિયા ૫.૮૩ લાખની છેતરપીંડીની ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૨

મહુવા ગામે રહેતા આરોપી સોહીલભાઈ સૈયદ તથા તાલુકાના મોટા જાદરા ગામે રહેતા આરોપી હનીફભાઈ સતારભાઈ ઠુમકીયા સાથે મળી ધારીના વેકરીયાપરામાં રહેતા લલીતભાઈ નથુભાઈ મકવાણા નામનાં ૩૦ વર્ષિય યુવક પાસેથી ટ્રક નં. જી.જે.-૧૪ ડબલ્યુ-૧૧૯૯ કિંમત રૂપિયા ૬,૪૪,૦૦૦માં ખરીદી રોકડા રૂપિયા ૬૧,૦૦૦ આપી બાકીના રૂપિયા ૫,૮૩,૨૦૦ની શ્રીરામ ફાઈનાન્સ અમરેલીની ટ્રકની લોન જેનો માસીક હપ્તો રૂપિયા ૩૨,૪૪૭ ના કુલ-૧૮ હપ્તાની રકમની લોન આરોપી હનીફભાઈ સતારભાઈ ઠુમકીયાના નામે ટ્રાન્સફર કરી આપશે. તે રીતે વિસમાં લઈ હનીફભાઈ સતારભાઈ ઠુમકીયાના નામે કબ્જા સહનો વાહન વેચાણ કરાર કરી ટ્રક ખરીદી લઈ ગયા હતાં.

બાદમાં આ અંગે ડ્રાઈવર યુવકે અવાર-નવાર ફોન કરવા છતા આરોપીઓએ આજદીન સુધીમાં લોન ટ્રાન્સફર ન કરી તેમજ ટ્રક કે ટ્રકના રૂપિયા ન આપી ડ્રાઈવર યુવક સાથે રૂપિયા ૫,૮૩,૨૦૦ ની છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાયેલ છે.

## લીલીયામાં પ્રાણી સંરક્ષણના કેસમાં ૪ આરોપીઓ નિર્દોષ

લીલીયા, તા. ૨

લીલીયા ફોરેસ્ટ રેન્જમાં આર.એફ.ઓ દ્વારા કોર્ટમાં ચાર આરોપી સામે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમતળે ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ તેમાં કેસ ગુણદોષ ઉપર ચાલી રહેલ જેમાં લીલીયા જયુડીશ્યલ મેજી.ની કોર્ટમાં કેસ ચાલી જતા રવિભાઈ વિનુભાઈ બલોદીયા, સાગરભાઈ માધાભાઈ લોઢણીયા, કિશોરભાઈ લોઢ ણીયા, મોહસીન બાપુમીયા સૈયદ રે.નાના લીલીયા ને નિર્દોષ જાહેર કરતો હુકમ થયેલ છે જેમાં તપાસ કરનાર અધિકારી આરએફઓ ભરતભાઈ, ગોકળભાઈ ગલાણી એ તપાસમાં ઘોર બેદરકારી દાખવેલ છે તેવું પણ નામદાર કોર્ટ દ્વારા હુકમમાં જણાવેલ છે. ચારેય આરોપીનાં વકીલ તરીકે એડવોકેટ હિતેષભાઈ ત્રિવેદી ભાવનગર રોકાયાં હતાં.

તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### શહેરીજનોનાં આરોગ્ય ઉપર ખતરો હોવાથી

## જાફરાબાદનાં લાઈટ હાઉસ વિસ્તારમાં ગટરનાં ગંધાતા પાણીનો નિકાલ કરો

**પાલિકાનાં શાસકોની ગંભીર બેદરકારી**

જાફરાબાદ, તા. ૨

જાફરાબાદ લાઈટ હાઉસ ના જાહેર રોડ ઉપર ઘણા સમયથી વહેતાં ભૂગર્ભ ગટરના પાણી રોડ ઉપર ચડ્યા છે. અહીં મોટી સંખ્યામાં રાહદારીઓ પગપાળા લાઈટ હાઉસના રમણીય અરબી સમુદ્રનો નજારો માણવા જતા હોય પરંતુ અહીં આવેલ મેઈન રોડ કે જયાંથી પસાર થવું પડે તે જ રોડ ઉપર રહેણાંક મકાન નું ગટરનું મળમૂત્ર તથા સાબુ ના ફીણ વાળું પાણી રોડ ઉપર વહી રહ્યું હોય પરંતુ પાલિકા દ્વારા કોઈ પણ જાતની સાફ સફાઈ જેવી કામગીરી કરવામાં આવતી નથી ગંદકીમાં ગરકાવ ડ્રેનેજનું ગંદુ પાણી માંથી રાહદારીઓ ચાલવા મજબૂર બન્યા છે. પરંતુ જેની જવાબદારી છે. તે પાલિકાના જવાબદાર લોકો જોવા તો શું પરંતુ ડોકાવવા પણ નથી આવતા લોકોના પગ નીચેથી વહેતું હોવાથી આ ગંધાતા ગટરના પાણી લોકોના પગ નીચે આવી રહ્યા છે. પરંતુ જવાબદાર અધિકારીનુ પેટનું પાણી પણ હલતું નથી આ ગટરના દુર્ગંધ મારતા પાણી ના લીધે અહીં આવતા પ્રવાસીઓ તથા રહેણાંક મકાન



તસ્વીર : ભરત બારૈયા-જાફરાબાદ

માલિકો ત્રાહીમામ પોકારી ઊઠયા છે. બહોળ ી સંખ્યામાં રાહદારીઓ નો અવર-જવર વાળા રોડ ઉપરથી વહી રહ્યું છે. જેને લઈ રોગચાળો ફાટી નીકળવાની દહેશત લોકોને સતાવી રહી છે. મળતી માહિતી મુજબ અનેક રજૂઆતો છતાં આ બાબતે જાફરાબાદ નગરપાલિકા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

# સાવરકુંડલા : શ્રી વીરદાદા જસરાજ સેના ટ્રસ્ટ દ્વારા રકતદાન કેમ્પ યોજાયો



સાવરકુંડલા શ્રી વીર દાદા જસરાજ સેના દ્વારા ૭૦માં બ્લડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું માનવ મંદિરથી ભક્તિરામબાપુ તેમજ પ્રકાશ પ્રિન્ટર પ્રદીપભાઈ દોશી, લોહાણા મહાજન પ્રમુખ જગદીશભાઈ માધવાણીની હસુભાઈ સૂચક, રાજુભાઈ શિંગાળ ા, પી.સી.વણજારા, પ્રિયેશભાઈ, કેતનભાઈ હિંગૂ, તેમજ પત્રકાર મિત્રોએ હાજરી આપી તેમાં ૫૦ લોકોએ રક્તદાન કર્યું આ કેમ્પમાં સહયોગ આપનાર આ તમામ દાતાનો જસરાજ સેના ટ્રસ્ટ સાવરકુંડલા દ્વારા ખૂબ ખૂબ આભાર માનવામાં આવેલ. આ કેમ્પના દાતાઓ કાણકિયાચા (પ્રિયેશભાઈ), સોનિક જવેલેસ (પરેશભાઈ હીંગુ કેતનભાઈ હિંગું), સાગર મશીનરી (પાર્થ સાગર), અશોકદાદા દવે (નિવૃત્ત આર્મી ), ગોપીનાથ આસ્કીમ( ધીરૂભાઈ) છેલ્લે તમામ રક્તદાન કરનાર દાતાનો ચીઠ્ઠી નાખી ડ્રોકરવામાં આવ્યો જેમાં ત્રીજા નંબર પર નથવાણી નિલેશભાઈ બીજા નંબર પર અતુલભાઈ કાનાણીને ચાંદીનો સિક્કો તેમજ પેલા નંબર પર પ્રમોદભાઈ જયાણીને ગોલ્ડ કોઈનમાં નામ નીકળ્યું હતું તમામ રકતદતાનો વીરદાદા જસરાજ સેના ટ્રસ્ટ સાવરકુંડલાએ ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

## રાજુલાનાં કડીયાળી ગામનાં ૪ વ્યકિતઓએ ઉપવાસ કર્યા છતાં ન્યાય ન મળ્યો

# અમરેલીનાં વહીવટીતંત્રને આત્મવિલોપનની ચીમકીએ દોડતું કર્યુ

**પ્રતિક ધરણા, ઉપવાસ સહિતનાં કાર્યક્રમો બાદ પણ ૪ વ્યકિતઓ ન્યાયથી વંચિત રહ્યા**

**અંતે આત્મવિલોપન કરવાની ચીમકીએ ઉચ્ચ અધિકારી સુધી વાત પહોંચતી કરી**

**૪ વ્યકિતઓની આત્મવિલોપનની ચીમકીને લઈને પોલીસ, ફાયર, એમ્બ્યુલન્સ ખડેપગે રહ્યા**

**આગેવાનો અને કલેકટર વચ્ચે વાતચીતનાં અંતે આત્મવિલોપન કરવાનું માંડી વળાયું**







અમરેલી, તા. ૨

અમરેલી કલેકટર કચેરી સામે રાજુલાના કડીયાળી ગામના પરિવાર દ્વારા બાર દિવસથી ઉપવાસ આંદોલન ચાલી રહ્યું છે છતાં પણ સમસ્યાનું નિરાકરણ ન આવતા ચાર લોકો દ્વારા સામુહિક રીતે આત્મવિલોપન કરવાની ચીમકી આપવામાં આવી હતી. જેના પગલે તંત્ર દોડતું થઈ ગયું હતું. ફાયર સહિતની સુવિધાઓ સ્થળ પર ખડકી દેવામાં આવી હતી પરંતુ અંતે ઉકેલની ખાતરી મળતા મામલો હાલ પૂરતો સંકેલાયો છે.

રાજુલા તાલુકાના કડીયાળી ગામના અનુ.જાતિ પરિવાર દ્વારા જમીન મામલે અમરેલી કલેકટર કચેરી સામે બાર દિવસથી પ્રતિક ઉપવાસ આંદોલન ચાલી રહ્યું છે એમાં બે દિવસ ફૂલ ઉપવાસ પણ કરવામાં આવ્યા હતા. આમ છતાં પણ સમસ્યાનું નિરાકરણ ન આવતા ચાર લોકો દ્વારા અમરેલી કલેકટર કચેરીની સામે ર ડિસેમ્બરના રોજ સાંજના ચારથી પાંચ વાગ્યાના અરસામાં કોઈપણ

અનુસંધાન પાના ૬ ઉપર

## કરે કોઈ ને સજા કોઈ ભોગવે

# ભાઈ અન્યની પરિણીતાને ભગાડી જતાં યુવકને માર પડયો

**દલખાણીયા ગામે બનેલ ઘટનાની ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૨

ધારી તાલુકાના દલખાણીયા ગામે રહેતા ભરતભાઈ જેતાભાઈ વાઘેલા નામનાં યુવકના ઘરે ગત તા. ૧ના રોજ વિસાવદર તાલુકાના જાંબુડા ગામે

અનુસંધાન પાના ૬ ઉપર

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
કેન્સરને લગતા રોગોના નિષ્ણાંત હવે આપણી ગોળ હોસ્પિટલમાં...
દર મહિનાના પહેલા ગુરૂવારે
તારીખ : ૦૫/૧૨/૨૦૨૪
સમય : સવારે ૧૧ થી બપોરે ૧ વાગ્યા સુધી
ડો. દેબાદીપ્તિ પ્રધાન
(કન્સલ્ટન્ટ રેડિએશન ઓન્કોલોજિસ્ટ)
અપોઈન્ટમેન્ટ માટે
૯૯૭૮૯૬૬૨૯ , ૯૪૨૬૯૫૬૪૦૬
ગોળ હોસ્પિટલ, ચિત્તલ રોડ, અમરેલી

Sheetal
₹479/-
₹350/-
Chhole Puri Combo
1 Chole Puri + 1 Dahi Puri + 2 Masala Chaas + 2 Tripple Sundae
Offer Valid : 23-11-2024 to 15-12-2024
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ સામે, અમરેલી. સમય : સવારે 10:00 થી રાત્રે 11:00

## પ્રેમપરા, વેકરિયાપરા, નવાપરા, લાઈનપરા અને હરિપરાનો સમાવેશ કરાશે

# આનંદો : ધારીની ગ્રામ પંચાયતનું દાયદાઓ બાદ નગરપાલિકામાં રૂપાંતરણ કરી દેવાશે

**પાલિકા બનવાથી વિકાસ માટે ગ્રાન્ટ વધારે આવશે**



અમરેલી, તા. ૨

ધારી ગામે આવેલ ગ્રામ પંચાયતમાં ધારીની આસપાસના પ્રેમપરા, હરિપરા, વેકરીયાપરા તથા નવાપરા, લાઈનપરા જૂથ ગ્રામપંચાયત ભેળવી દઈને આ ધારી નગરપાલિકાની રચના કરવામાં આવશે. આ માટે થઈ રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ધારી ગ્રામ પંચાયતને નગરપાલિકાનો દરજજો આપવાના નિર્ણયને અનુમતિ આપતા વર્ષોથી ધારીના લોકોની માંગણી સંતોષતા ધારી તથા આજુબાજુના વિસ્તારનો વિકાસ વધુ ઝડપથી થશે તેમ સ્થાનિકો જણાવી રહયા છે.

અમરેલી જિલ્લાના ધારી ગામ

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
67,800/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૨/૧૨/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

અમરેલી એક્સપ્રેસ
એજન્સી આપવાની છે...
અમરેલી જિલ્લાનાં લાઠી, દામનગર, ચિતલ, સા.કુંડલા રાજુલા, વીજપડી, ધારી, ચલાલા, વડિયા, માં 'અમરેલી એક્સપ્રેસ' દૈનિકની એજન્સી આપવાની છે, એજન્સી માટે ઈચ્છુક ઉમેદવારોએ રૂબરૂ સંપર્ક કરવો.
સંપર્ક
મનોજ રૂપારેલ – તંત્રી
મો.૯૮૨૫૦ ૦૭૪૪૩
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ – અમરેલી

## દુકાન બહાર રહેલ ટેબલ લઈ જવા બાબતે

# અમરેલીનાં સેન્ટર પોઈન્ટ નજીક દુકાન ધરાવતાં વેપારીને ઢીકાપાટુનો માર માર્યો

**બે મહિલાઓ સહિત 3 વ્યકિત સામે ફરિયાદ**

અમરેલી, તા. ૨

અમરેલીમાં રોકડવાડી પાછળ આવેલ કેરીયા રોડ ઉપર રહેતા ભાવેશભાઈ કનુભાઈ કાબરીયા નામનાં ૪૫ વર્ષિય વેપારી ગત તા. ૧ના રોજ સાંજના આશરે સાડા ચારથી પાચેક

અનુસંધાન પાના ૬ ઉપર

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

LG Life's Good.
Auto Tub Clean
Keep Dust, Bacteria & Lint away with LG's Auto Tub Clean
Better Hygiene
More Lint removal
Enhanced Durability
LG BEST SHOP
MUKUNDRAI AND BROTHERS
OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD
AMRELI . 365601
Ph: 9408159606 / 9974772377

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)